Extra Ordinary Gazette Part - I / 1996

Extra No.	Date	Depatment
Extra No. 1	01-01-1996	Home Department
Extra No. 2	02-01-1996	Revenue Department
Extra No. 3	04-01-1996	Home Department
Extra No. 4	19-01-1996	Revenue Department
Extra No. 5	01-02-1996	Home Department
Extra No. 6	13-02-1996	Home Department
Extra No. 7	16-02-1996	Revenue Department
Extra No. 8	23-02-1996	Revenue Department
Extra No. 9	28-02-1996	Home Department
Extra No. 10	29-02-1996	Revenue Department
Extra No. 11	07-03-1996	Home Department
Extra No. 12	12-03-1996	Home Department
Extra No. 13	18-03-1996	Revenue Department
Extra No. 14	21-03-1996	Revenue Department
Extra No. 15	26-03-1996	Home Department
Extra No. 16	29-03-1996	Revenue Department
Extra No. 17	30-03-1996	Revenue Department
Extra No. 18	03-04-1996	Home Department
Extra No. 19	11-04-1996	Home Department
Extra No. 20	17-04-1996	This Gazette may contain multiple departments/offices.
Extra No. 21	24-04-1996	Revenue Department
Extra No. 22	26-04-1996	Home Department
Extra No. 23	30-04-1996	Revenue Department
Extra No. 24	01-05-1996	This Gazette may contain multiple departments/offices.
Extra No. 25	08-05-1996	Revenue Department
Extra No. 26	08-05-1996	Home Department
Extra No. 27	22-05-1996	Revenue Department
Extra No. 28	31-05-1996	Home Department
Extra No. 29	14-06-1996	Revenue Department
Extra No. 30	18-06-1996	This Gazette may contain multiple departments/offices.

INDEX

Extra No.	Date	Depatment
Extra No. 31	29-06-1996	Revenue Department
Extra No. 32	01-07-1996	Revenue Department
Extra No. 33	19-07-1996	Revenue Department
Extra No. 34	20-07-1996	Revenue Department
Extra No. 35	23-07-1996	Revenue Department
Extra No. 36	30-07-1996	Revenue Department
Extra No. 37	31-07-1996	Revenue Department
Extra No. 38	05-08-1996	Home Department
Extra No. 39	07-08-1996	Revenue Department
Extra No. 40	23-08-1996	This Gazette may contain multiple departments/offices.
Extra No. 41	03-09-1996	This Gazette may contain multiple departments/offices.
Extra No. 42	11-09-1996	Revenue Department
Extra No. 43	19-09-1996	Revenue Department
Extra No. 44	23-09-1996	This Gazette may contain multiple departments/offices.
Extra No. 45	01-10-1996	Home Department
Extra No. 46	04-10-1996	Revenue Department
Extra No. 47	07-10-1996	Revenue Department
Extra No. 48	10-10-1996	Revenue Department
Extra No. 49	14-10-1996	Revenue Department
Extra No. 50	24-10-1996	Revenue Department
Extra No. 51	13-12-1996	Revenue Department

REGISTERED No. GRJ.-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] MONDAY, 1st JANUARY, 1996/PAUSHA 11, 1917 [No. 1

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

પોલીસ કમિશનર દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના નિયમ-૨૨ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ:—

ક્રમાંક : એસ. બી./જાહેરનામું/૪૫૫૪/૧૯૯૫.—રાજકોટ શહેરમાં પ્રવર્તતી વર્તમાન પરિસ્થિતિ અંગે સંજોગોને અનુલક્ષીને રાજકોટ શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈપણ પ્રકારનો અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે હેતુસર જાહેરનામું બહાર પાડવા અમોને ઈષ્ટ જણાય છે.

જેથી હું, ચિતરંજન સિંઘ, પોલીસ કમિશનર, રાજકોટ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના નિયમ-૨૨ની કલમ-૩૭(૧) થી મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૧-૧-૧૯૯૬ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૧-૯૬ના કલાક ૨૪-૦૦ સુધી નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, ચપ્પુ, બરછી, અગ્નિશસ્ત્રો, લાકડી, અથવા ભાલો ડંડો, તલવાર, મીસાઈલ વિ. તેમજ શારીરિક હિંસા પહોંચાડવા માટે ઉપયોગમાં લઈ શકાય તેવી કોઈપણ ચીજવસ્તુઓ લઈ જવાની કે, ધારણ કરવાની.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો, અથવા તે ફેંકવા કે નાખવા માટેના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠી કરવાની તૈયારી કરવાની.

(ઘ) કોઈપણ સરઘસમાં સળગાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિત અથવા તેના અથવા આકૃતિઓના પુતળા દેખાડવાની તેવા ચિત્રો નિશાનીઓ, જાહેરખબરો અથવા તેનો ફેલાવો કરવાની અને તેવા અધિકારીઓ અંગેના અભિપ્રાય જોખમાતા હોય અથવા તેને પરિણામે રાજ્યની સત્તા ઉથલી પડવાની હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચેનચાળા વિગેરે કરવાની કે, ચિત્રો, નિશાનીઓ વિગેરે દેખાડવાની કે તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :—પોલીસ કમિશનર રાજકોટ શહેરની હકુમતની તળેનો સમગ્ર વિસ્તાર

અપવાદ :—આ ખંડ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી.:-

(૧) સરકારી નોકરી કરતી વ્યકિત કે જેને ઉપરી અધિકારીઓએ કોઈ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા લઈ જવાની તેની ફરજમાં આવતું હોય.

(૨) વૃધ્ધ અશકત લોકો કે જેને લાકડીને ટેકે ચાલવાનું હોય.

(૩) પોલીસ કમિશનર રાજકોટ શહેર તરફથી જેને પરવાનગી આપવામાં આવી હોય તેવી વ્યકિત.

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર દ્વારા પ્રસારીત કરી તેમજ જાહેરમાં દેખી શકાય તેવી જગ્યાએ ચોટાડીને સ્થાનિક વર્તમાન પત્રોમાં અને ગુજરાત રાજ્યના અસાધારણ રાજ્યપત્રમાં જાહેરાત પ્રસિધ્ધ કરવા ફરમાવું છું.

મેં આજરોજ તા. ૨૮-૧૨-૯૫ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

રાજકોટ, ૨૮ માહે ડીસેમ્બર સને ૧૯૯૫.

———

INDEX

મુંબઈ પોલીસ એકટ સને-૧૯૫૧નાં અધિનિયમ—૨૨ની કલમ-૩૩(૧) (બી) અન્વયે કાઢેલ

હુકમ

નં. એસ. બી./મકરસંક્રાન્તી/જાહેરનામું૧૬/૧૯૯૬.-મકર-સંક્રન્તી તેમજ નજીકનાં દિવસોમાં જોવામાં આવે છે કે બાળકો પતગ અથવા દોરા મેળવવા માટે જાહેર રસ્તાઓ ઉપર દોડાદોડી કરે છે. એમ કરતી વખતે અમુક સમયે ટ્રાફીક અકસ્માતનાં કીસ્સા બને છે જે જીવલેણ પણ બની શકે તેમજ અડચણ પણ કરે છે. આ અટકાવવા માટે રાજકોટ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં મુંબઈ પોલિસ અધિનિયમ -૨૨ સને ૧૯૫૧ની કલમ ૩૩(૧)-(ખ) (થ) મુજબ મને મનેલ અધિકારની રૂએ હું ચિતરંજન સિંધ, પોલીસ કમિશનર રાજકોટ શહેર નીચે મુજબનો આદેશ કરૂ છુ .

કોઈપણ વ્યકિતઓ જાહેર રસ્તા ઉપર પતંગો ઉડાવવા નહીં. પતંગ અગર દોરો લુંટવા કે પકડવાનાં ઈરાદે જાહેર રોડ ઉપર દોડાદોડી કરવી નહી. હાથમાં મોટા વાંસ કે ઝાંખરા કે તેવા કોઈપણ સાધન સાથે જાહેર માર્ગો ઉપર દોડવું નહી તેમજ જાહેર માર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય કે અકસ્માત સર્જાય જેમાં પોતાને અથવા બીજા કોઈને ઈજા થાય કે હાની થાય તેવી કોઈપણ પ્રવૃતિ કરવી નહી.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત વિરૂધ્ધ મુંબઈ પોલીસ એકટની જોગવાઈ અનુસાર શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.

આ હુકમ તા.૩—૧—૯૬થી તા. ૧૮—૧—૯૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય અને વાચી શકાય તેવી રીતે ચોટાડવો.

મે આજરોજ તા. ૧/૧/૯૬ના રોજ મારી સહી કરી સિકકો મારેલ છે.

રાજકોટ, ૧ માહે જાન્યુઆરી સને ૧૯૯૬.

ચિતરંજન સિંધ,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight
from the date of this Publication accompanied
by the Wrapper.

INDEX

REGISTERED No. G.R.J.-24



The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] TUESDAY, 2nd JANUARY, 1996/PAUSHA 12, 1917 [No. 2

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

કલેકટર દ્વારા

ન. જીઓ. ક્યુએલ/ ૫૧૬/ ૪૩૧૭.—ગુજરાત ગૌણ ખનિજ નિયમો- ૧૯૬૬ હેઠળ શ્રી મેરામભાઈ રામભાઈ વાળા રે.ઈ ગોરાળાને બાબરા તાલુકાના ગામ વાંકીયા ના સ.નં. ૧૬૧માં ૧-૦૦-૦૦ હેકટર વિસ્તાર માટે બ્લેકટ્રૂપ ખનિજનું ક્વોરીલીઝ અત્રેની કચેરીના હુકમ ન. ઓજીએ ક્યુએલ - ૫૧૬/૯૩/૩૨૯૩, તા. ૨૭-૮-૯૩ થી મંજુર કરવામાં આવેલ/ જેનું ક્યારખત અરજદારે મુદત અંદર ન કરાવતાં સદરહુ વિસ્તાર આપોઆપ રીવોક થયેલ છે.

ગુજરાત ગૌણ ખનિજ નિયમો-૧૯૬૬ના નિયમ-૧૮(૧) સી મુજબ મળેલ સત્તાની રૂએ ઉપરોકત રીવોક થયેલ વિસ્તાર સદરહુ જાહેરનામાની પ્રસિધ્ધીની તારીખથી દિન-૩૦ પછી ફેરઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે. તે પહેલાં આવેલ અરજીઓ અપરીપકવ ગણી રદ કરવામાં આવશે.

તાલુકો	ગામ	સ. નં.	વિસ્તાર હે.આર.ચો.મી.	ખનિજ
બાબરા	વાંકીયા	૧૬૧ પૈ.	૧-૦૦-૦૦	બ્લેકટ્રૂપ

અમરેલી, ૨૯ માહે ડિસેમ્બર સને ૧૯૯૫.

વી. એ. સાઠે,
કલેકટર, અમરેલી.

Printed at the Government Press, Rajkot.
Complaints about Gazette must be made within a fortnight from the date of this publication accompanied by the Wrappers.

INDEX

REGISTERED No. GRJ.-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] THURSDAY, 4th JANUARY, 1996/PAUSHA 14, 1917 [No. 3

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART - I EXTRAORDINARY

પોલીસ કમિશનર દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ—૩૭ (૩) અન્વયે કાઢેલ હુકમ

હુકમ

નં. એસ. બી. /જાહેરનામું / ૩૯ / ૧૯૯૬-- આગામી રાજકોટ શહેરમાં રાજકોટ મહાનગર પાલીકાના વોર્ડ નં. ૬ ની પેટા ચુંટણી તા. ૪-૧-૯૬ના રોજ યોજાનાર છે. જેને અનુલક્ષીને રાજકોટ શહેરમાં રાજકોટ મહાનગરપાલીકાના વોર્ડનં. ૬ની પેટા-ચુંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે નીચે મુજબનો હુકમ બહાર પાડવાનું અમોને ઈષ્ટ જણાય છે.

જેથી હું, ચિતરંજન સિંઘ, આઈ. પી. એસ., પોલીસકમિશનર, સને-૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમ ૨૨માં અધિનિયમની કલમ- ૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૩-૧-૯૬ના કલાક ૦૦/૦૦ થી તા.૯-૧-૯૬ના કલાક ૨૪/૦૦ સુધી ચાર કરતા વધારે માણસોએ મેળા થવું નહી અથવા કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર:-

(૧) નંદા હોલ કોઠારીયા રોડ નોર્થ સાઈડ (૨) સહકાર સોસાયટી (૩) વિરાટનગર (૪) બાબરીયા સોસાયટી (૫) પાસ સોસાયટી (૬) સુભાષ નગર (૭) અયોધ્યાનગર (૮) મોરારીનગર (૯) ખોડીયાર સોસાયટી (૧૦) ન્યુ ખોડીયાર સોસાયટી (૧૧) ભારતીનગર (૧૨) રઘુવીર સોસાયટી (૧૩) જમના નગર (૧૪) મિનાક્ષીનગર (૧૫) શીયાણી નગર (૧૬) કલ્યાણનગર (૧૯) કૃષ્ણનગર (૧૮) પીપળીયા હોલ (૧૯) જગદીશ નગર (૨૦) રામેશ્વર (૨૧) હુડકો કવાર્ટર્સ (૨૨) આનંદ પાર્ક (૨૩) અજન્ટા પાર્ક (૨૪) વિનોદ નગર (૨૫) રાજલક્ષ્મી સોસાયટી (૨૬) શ્રાંતીનગર (૨૭) કીરણ સોસાયટી (૨૮) દિપ્તીનગર (૨૯) આશાપુરા નગર (૩૦) આનંદનગર કવા. નં. એચ. ૨૭ થી ૩૪, ૩૫ થી ૩૯ ૪૧ થી ૯૬ (૩૧) રીંગરોડ (૩૨) કીરણનગર.

રાજકોટ શહેર પોલીસ કમિશનરની હકુમત તળેનો રાજકોટ મહા નગર પાલીકાના વોર્ડ નં. ૬ ને આવરી લેતો સમગ્ર વિસ્તાર.

અપવાદ : -

આ હુકમ જે માણસો નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડના સભ્યો જે ફરજ ઉપર હોય તેમને તથા ધાર્મિક મરણોતર અથવા લગ્ન અંગેના સરઘસોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ—૧૩૫ હેઠળ સજાને પાત્ર થશે અથવા ભારતીય ફોજદારી અધિનિયમ ૧૯૬૦ની અધિનિયમની કલમ—૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આથી ફરમાવું છું કે આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડીને તથા સ્થાનીક વર્તમાનપત્ર તથા ગુજરાત સરકારના અસાધારણ રાજપત્રમાં જાહેર કરી બહોળી પ્રસિધ્ધી કરવાનુ ફરમાવું છું.

આજરોજ તા. ૨-૧-૯૬ના રોજ મારી સહી કરી કચેરીનો સીક્કો મારી આ હુકમ બહાર પાડયો.

રાજકોટ, ૨ માહે જાન્યુઆરી સને ૧૯૯૬.

ચિતરંજન સિંઘ,
પોલીસ કમિશનર,
રાજકોટ શહેર રાજકોટ.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight from the date of this Publication accompanied by the Wrapper.

INDEX

REGISTERED No. GRJ.-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] FRIDAY, 19th JANUARY, 1996/PAUSHA 29, 1917 [No. 4

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, દ્વારા

મુંબઈ પોલીસ નાધિનિયમ ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નંબર ૨૨ ની કલમ ૩૩(૧) (બી) અને (બી-ડી)

હૂકમ

નં. એમઓજી.—બીપીએ—૩૩—૧૭૪/૯૬.—

હાલમાં મકરસક્રાંતિનો તહેવાર નજીકમાં આવતો હોય, કેટલાંક લોકો તથા બાળકો પતંગ તથા દોરા લુંટવાના ઈરાદે જાહેર રસ્તાઓ ઉપર તથા ગલીઓમાં દોડાદોડી કરી જાહેરમાં ચાલતાં ટ્રાફીકને અડચણરૂપ બને તેમજ લોકોની તેમજ પોતાની સલામતી જોખમાય તેવી રીતના વર્તન વ્યવહાર અટકાવવાનું ખુબ જ જરૂરી જણાંતા રાજકોટ જિલ્લાના (રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાય) નીચે જણાવેલ વિસ્તારોમાં મુંબઈ પોલીસ અધિનિયમ ૧ સને ૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અને (બીડી) મુજબ મને મળેલ અધિકારની રૂઈએ હું, ઓફ. પી. હાલાણી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જીલ્લા, રાજકોટ લોકોના જાનમાલની સલામતી તથા ટ્રાફીકની જાળવણી અર્થે આથી ફરમાવું છું કે,

કોઈપણ ઈસમ અથવા ઈસમોએ જાહેર રસ્તા ઉપર પતંગ ઉડાડવી નહી, પતંગ કે દોરા લુંટવા કે પકડવાના ઈરાદા સારૂં દોડાદોડી કરવી નહીં. હાથમાં મોટા વાંસ, કે ઝાખળાં, કે તેવા કોઈપણ સાધનો લઈ જાહેર રસ્તાઓ ઉપર દોડવું નહીં, પોતાના હાથમાં રાખવા નહીં. કે જાહેર માર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય નહીં કે અકસ્માત સર્જાય કે કોઈને કે પોતાને ઈજા કે હાની થાય તેવી કોઈપણ પ્રવૃત્તિથી ટ્રાફીકને અડચણ કરી વાહન વ્યવહારમાં અડચણ કરવી નહીં.

વિસ્તાર

રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાયની રાજકોટ રૂરલ જીલ્લાનો તમામ વિસ્તાર.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ વિરૂધ બોમ્બે પોલીસ એકટની કલમ ૧૩૧ની જોગવાઈ અનુસાર શીક્ષાત્મક પગલાં લેવાશે.

આ હુકમ તા. ૧૨-૧-૯૬થી ૧૮-૧-૯૬ બંને દિવસો સહીત સુધી અમલમાં રહેશે.

આ હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય અને વાંચી શકાય તેવી રીતે તેની બહોળી પ્રસિધ્ધિ આપવી.

આજ તા. ૧૧-૧-૧૯૯૬ના રોજ મારી સહી તથા સીક્કો મારેલ છે.

રાજકોટ, ૧૧ માહે જાન્યુઆરી સને ૧૯૯૫.

ઓફ. પી. હાલાણી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT
COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

INDEX

REGISTERED No. GRJ-24

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] THURSDAY 1st FEBRUARY, 1996/MAGHA 12, 1917 [No. 5

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

પોલીસ કમિશ્નર દ્વારા

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના નિયમ-૨૨ની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંક : એસ. બી. જાહેરનામું /૨૬૭/૧૯૯૬.- રાજકોટ શહેરમા પ્રવર્તતી વર્તમાન પરિસ્થિતિ અંગે સંજોગોને અનુલક્ષીને રાજકોટ શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈપણ પ્રકારનો અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે હેતુસર જાહેરનામું બહાર પાડવા અમોને ઈષ્ટ જણાય છે.

જેથી હું, ચિતરંજન સિંઘ, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના નિયમ-૨૨ની કલમ ૩૭ (૧) થી મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૧-૨-૯૬ના કલાક : ૦૦/૦૦ થી તા. ૨૯-૨-૯૬ના કલાક : ૨૪/૦૦ સુધી નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, ચપ્પુ, બરછી, અગ્નિશસ્ત્રો, લાકડી અથવા ભાલો, ડંડો, તલવાર, પીસ્તોલ, વિ. તેમજ શારિરીક હિંસા પહોંચાડવા માટે ઉપયોગમાં લઈ શકાય તેવી કોઈપણ ચીજવસ્તુ લઈ જવાની કે ધારણ કરવાની.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવા કે નાંખવા માટેનાં યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠી કરવાની તૈયારી કરવાની.

(ઘ) કોઈપણ સરઘસમાં સળગાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યક્તિ અથવા તેના આકૃતિઓના પુતળા દેખાડવાની તેવા ચિત્રો, નિશાનીઓ જાહેર ખબર અથવા તેનો ફેલાવો કરવાની અને તેવા અધિકારીઓ અંગેના અભીપ્રાય જોખમાતા હોય અથવા તેને પરિણામે રાજ્યની સત્તા ઉથલી પડવાની હોય તેવા છટાકેદાર ભાષણ આપવાની કે ચેનચાળા વિગેરે કરવાની કે ચિત્રો નિશાનીઓ વિગેરે દેખાડવાની કે તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર :

પોલીસ કમિશ્નર, રાજકોટ શહેરની હકુમતની તળેનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :

આ ખંડ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી કરતા વ્યક્તિ કે જેને અધિકારીઓએ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા લઈ જવાનું ફરજમાં આવતું હોય.

(૨) વૃધ્ધ અશક્ત લોકો કે જેને લાકડીને ટેકે ચાલવાનું હોય.

(૩) પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર તરફથી જેને પરવાનગી આપવામાં આવી હોય તેવી વ્યક્તિ.

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શીક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર દ્વારા પ્રસારીત કરી તેમજ જાહેરમાં દેખી શકાય તેવી જગ્યાએ ચોંટાડીને સ્થાનિક વર્તમાનપત્રોમાં અને ગુજરાત રાજ્ય અસાધારણ રાજ્યપત્રમાં જાહેરાત પ્રસિધ્ધ કરવા ફરમાવું છું.

મેં આજરોજ તા. ૨૯-૧-૯૬ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

રાજકોટ, ૨૯ માહે જાન્યુઆરી સને ૧૯૯૬.

ચિતરંજન સિંઘ,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર, રાજકોટ.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight from the date of this Publication accompanied by the Wrapper.

INDEX

REGISTERED No. GRJ.-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] TUESDAY, 13th FEBRUARY, 1996/MAGHA 24, 1917 / No. 6

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

જાહેર નોટીસ

પોલીશ કમિશ્નર દ્વારા

ક્રમાંક:રાજ/સીપી/એલબી/(૪) ૨૫૬/૧૯૯૬.—રાજકોટ શહેરના સેન્ટ્રલ બસ સ્ટેન્ડની આજુબાજુનાં વિસ્તારમાં કેટલાક ખાનગી બસો પીકઅપવાન, સ્ટેશન વેગન, જીપ, મેટાડોર, છકડો, રિક્ષા વિગેરે વાહનના માલીકો મુસાફરોનાં ગેરકાયદેસર હરાફેરો કરતા હતા. જેથી અત્રેના ક્રમાંક:રાજ/સીપી/ એલબી/(૨)૧૦૬૪/ ૯૦, તા. ૬-૭-૧૯૯૦ના રોજ જાહેરનામુ પ્રસિધ્ધ કરી મુસાફરોના ગેરકાયદસર હેરફેરો કરતા ખાનગી બસો, પીકઅપવાન, સ્ટેશન વેગન, જીપ, મટાડાર, છકડો, રીક્ષા પ્રાઇવેટ કાર વિગરે વાહનો **નીચે જણાવેલા વિસ્તારમાં ઉભા નહીં રાખવા જણાવેલ છે.**

(૧) સેન્ટ્રલ બસ સ્ટેશનથી કોર્પોરેશન ચોક સુધીનો ઢેબર રોડ.

(૨) સેન્ટ્રલ બસ સ્ટેશનથી કાંન્તા સ્ત્રી વિકાસ ગૃહ સુધીનો ઢબર રોડ.

(૩) સેન્ટ્રલ બસ સ્ટેશનથી લોધાવાડ ચોક.

(૪) સેન્ટ્રલ બસ સ્ટેશનથી પાછળ આવેલ કરણપરા શેરી નં. ૨૮, ૨૯, ૩૭, ૩૮ તથા કરણપરા ચોક.

(૫) સેન્ટ્રલ બસ સ્ટેશન પાછળ અલંકાર ગેસ્ટ હાઉસ, કનાલ રોડ સુધીના કનક રોડ, જયા "નો પાર્કીંગ ઝોન" નું જાહેરનામુ અમલમાં છે.

આ જગ્યા ઉપરાંત કરણપરા શેરી નં. ૩૦ અને કરણસિંહજી રોડના વિસ્તારને "નો પાકીંગ ઝોન" જાહેર કરવાનું ધ્યાનમાં લેવામાં આવેલ છે.

સબબ હું, ચિતરંજન સિંઘ. પોલીસ કમિશ્નર રાજકોટ શહેર રાજકોટ મને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ (૧) બી થી મળેલ સત્તાની રૂએ ઉપરોકત વિસ્તારને ઉપરમાં જણાવ્યા મુજબના વાહનો માટે "નો પાર્કીંગ ઝોન" જાહેર કરવા ઈચ્છું છું.

નો પાર્કીંગ ઝોનનો આ પ્રતિબંધ નીચે જણાવ્યા પ્રમાણેના વાહનોને લાગુ પડશે નહીં.

(૧) સરકારી વાહનો તેમજ પબ્લીકની સુખાકારી અને સુવિધા માટ સરકારા અજન્સી મારફત ચાલતા વાહનો.

(૨) એસ.ટી. સ્ટેન્ડની બહાર ઢેબરભાઈ રોડ પર કાયદેસર મંજુર કરવામા આવેલ ટેક્ષા સ્ટેન્ડ તથા રાક્ષા સ્ટેન્ડ ઉપર ઉભા રહતા રાક્ષાઓ અને ટેક્ષીઓ.

(૩) એસ.ટી. સ્ટેન્ડના પાછળના ભાગે કનક રોડ પર કાયદેસર મંજુર કરવામા આવેલ ટેક્ષા સ્ટેન્ડ પર ઉભા રહેતા રાક્ષાઓ અને ટેક્ષીઓ.

સબબ ઉપર જણાવેલ વિસ્તારને "નો પાર્કીંગ ઝોન" જાહેર કરવામા આવે તો તે સંબંધમાં કોઈને વાધા અગર સુચનો હોય તો તેણે લેખિત સ્વરૂપમાં આ નોટીસ પ્રગટ થયાની તારીખથી દિવસ-૧૪માં નીચે સહી કરનારનો કચેરીમા રજુ કરવા જાણ કરવામા આવે છે. મુદત વિત્યા પછી વાધા અગર સુચનો ધ્યાનમા લેવામાં આવશે નહીં. મુદત દરમ્યાન મળેલ વાધા સુચનો વિચારણામા લઇ આ કામે આખરી હુકમ બહાર પાડવામાં આવશે.

રાજકોટ, ૯ માહે ફેબ્રુઆરી સને ૧૯૯૬.

INDEX

નોટીસ

ક્રમાંક : રાજ/સીપી/એલબી-(૪)-૨૫૦-૧૯૯૬.— રાજકોટ શહેરમાં સેન્ટ્રલ બસ સ્ટેશનની આજુબાજુ ખાનગી ભાડાના વાહનો જેવા કે મીની બસ, મેટાડોર, છકડો, રીક્ષા ખાનગી કારો વિગેરે ઉભા રહીને ગેરકાયદેસર મુસાફરોની હેરાફેરી કરતા હોવાથી એસ.ટી.ની આવકને નુકશાન થાય છે. તેમજ કરણપરા વિસ્તાર કે જે રહેણાંક વિસ્તાર છે ત્યાંના રહેવાસીઓને તકલીફ થતી હોવાને કારણે વારંવાર ફરીયાદો થાય છે. જેથી ગેરકાયદેસર મુસાફરોની હેરાફેરી કરતા ભાડાના તમામ વાહનો માટે નીચે જણાવેલ વિસ્તારમાં પ્રવેશબંધી કરવાનું હિતાવહ જણાય છે.

સબબ હું, ચિતરંજન સિંઘ, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર મને મળેલ મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧) બી, થી મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારને ઉપર જણાવ્યા મુજબ વાહનોને "પ્રવેશ બંધી" જાહેર કરવા ઈચ્છું છું.

(૧) સેન્ટ્રલ બસ સ્ટેશનથી કોર્પોરેશન ચોક સુધીનો ઢેબરભાઈ રોડ.

(૨) સેન્ટ્રલ બસ સ્ટેશનથી કાંન્તા સ્ત્રી વિકાસ ગૃહ સુધીનો ઢેબર રોડ.

(૩) સેન્ટ્રલ બસ સ્ટેશનથી લોધાવાડ ચોક.

(૪) સેન્ટ્રલ બસ સ્ટેશનની પાછળ આવેલ કરણપરા શેરી નં. ૨૮,૨૯,૩૦,૩૭,૩૮ તથા કરણપરા ચોક.

(૫) સેન્ટ્રલ બસ સ્ટેશન પાછળ અલંકાર ગેસ્ટ હાઉસથી કેનાલ રોડ સુધીનો કનક રોડ.

(૬) કરણસિંહજી રોડ કે જે કરણસિંહજી હાઈસ્કુલથી શરૂ થઈ કેનાલ રોડ કાપડ મીલ સુધી પૂરો થાય ત્યાં સુધી.

(૭) નીચે જણાવેલ વાહનોને પ્રવેશબંધી લાગુ પડશે નહીં.

(૧) સરકારી વાહનો તેમજ પબ્લીકની સુખાકારી અને સુવિધા માટે સરકારી એજન્સી મારફત ચલાવવામાં આવતા વાહનો.

(૨) એસ.ટી. સ્ટેન્ડની બહાર ઢેબરભાઈ રોડ પર કાયદેસર મંજુર કરવામાં આવેલ ટેક્ષી સ્ટેન્ડ તથા રીક્ષા સ્ટેન્ડ પર ઉભી રહેતી ટેક્ષીઓ અને રીક્ષાઓ.

(૩) એસ.ટી. સ્ટેન્ડની પાછળના ભાગે કનક રોડ પર કાયદેસર મંજુર કરવામાં આવેલ ટેક્ષી સ્ટેન્ડ તથા રીક્ષા સ્ટેન્ડ પર ઉભી રહેતી ટેક્ષીઓ અને રીક્ષાઓ.

સબબ ઉપર જણાવેલ વિસ્તારને ઉપરમાં જણાવ્યા મુજબના વાહનો માટે "પ્રવેશ બંધી" જાહેર કરવામાં આવે તો કોઈને વાંધા અગર સુચનો હોય તો તેણે લેખિત સ્વરૂપમાં આ નોટીસ પ્રગટ થયાની તારીખથી દિન-૧૪ માં નીચે સહી કરનારની કચેરીમાં રજુ કરવા જાણ કરવામાં આવે છે. મુદત વિત્યા પછી વાંધા અગર સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં. મુદત દરમ્યાન મળેલ વાંધા સુચનો વિચારણામાં લઈ આખરી હુકમો બહાર પાડવામાં આવશે.

રાજકોટ, ૯ માહે ફેબ્રુઆરી સને ૧૯૯૬.

ચિતરંજન સિંઘ,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight
from the date of this Publication accompanied
by the Wrappers.

INDEX

REGISTERED No. GRJ.-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] FRIDAY, 16th FEBRUARY, 1996/MAGHA 27, 1917 **[No. 7**

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

સક્ષમ અધિકારી અને કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ નિયમો-૧૯૬૬ સને ૧૯૯૬

નંબર જીકચ-રાજ-કયુએલ.-૭૬૦.—

આથી જણાવવાનું કે, રાજકોટ જીલ્લાના વાંકાનેર તાલુકાના કોટડાનાયાણી ગામના સર્વે નંબર-૩ેમી નદી પૈકી-૦-૨૫-૦૦ હેકટર વિસ્તારની સાદી રેતી ખનિજની ક્વોરીલીઝ મંજુર કરવામાં આવેલ. સદરહુ ક્વોરીલીઝ સમય મર્યાદામાં ક્વોરીલીઝ ડીર કાર્યાન્વીત નહીં કરાવતા મંજુરી હુકમ રીવોકડ કરવામાં આવેલ છે. આથી સદરહુ ક્વોરીલીઝ રદ કરવામાં આવે છે. જે નીચેની વિગતે દર્શાવેલ છે.

અનુક્રમ	તાલુકો	ગામ	સર્વે નંબર	ખનિજ	વિસ્તાર હે. આરે. ચો.મી.
૧.	વાંકાનેર	કોટડાનાયાણી	૩ેમીનદી પૈકી	સાદીરેતી	૦—૨૫—૦૦

આથી હવે ગુજરાત ગૌણ ખનિજ નિયમો-૧૯૬૬ના નિયમ-૧૮(૧) સી મુજબ અમોને મળેલ સત્તાની રૂએ ઉપર દર્શાવેલ વિસ્તારનું જાહેરનામું સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયાનાં તારીખથી ૩૦ દિવસ પછી ક્વોરીલીઝ માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

રાજકોટ, ૧૩ માહે ફેબ્રુઆરી સને ૧૯૯૬.

(સહી) અવારૂય,
સક્ષમ અધિકારી અને કલેકટર,
રાજકોટ જિલ્લા,
રાજકોટ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT
COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

INDEX

REGISTERED No G.R.J.-33

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] FRIDAY, 23rd FEBRUARY 1996/PHALGUNA 4, 1917 [No. 8

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઈના પોલીસ અધિનિયમ—૧૯૫૧ના અધિનિયમ—૨૨ની કલમ—૩૭ (૧) અન્વયે કાઢેલ

હુકમ

નાં. એમએજી—બીપીએ—વશી—૫૦૨/૯૬.—રાજકોટ રૂરલ જીલ્લામાં આગામી દિવસોમાં મહાશિવરાત્રી તથા રમઝાન ઈદ તહેવાર આવતો હોય, આવા સમયે કાયદો અને વ્યવસ્થા જાળવવાના હેતુસર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં જાહેર સુવેહ શાંતિ અને સલામતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવો ન બનવા પામે તે માટે નીચે મુજબ હુકમ બહાર પાડવાનું અમોને ઈષ્ટ જણાય છે.

તેથી હું, એફ. પી. હાલાણી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જીલ્લા, રાજકોટ, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નો અધિનિયમ -૨૨)ની કલમ ૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ આ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૧૫—૨—૯૬ થી તા. ૧૫—૩—૯૬ સુધી નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, બંદુક, ધોકા, છરી, લાકડી કે લાઠી, શસ્ત્રો સળગતી મશાલ અથવા બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાની, યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા, ભેગા કરવા અથવા તૈયાર કરવાનું.

(૩) મનુષ્યો અથવા શબ્દો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું, જેનાથી સુરૂચી અથવા નીતિનો ભંગ થાય તેવા ભાષણ કરવાનું તથા હાવભાવ અગર ચેષ્ટા કરવાનું તથા તેવા ચિત્રો, પ્લેકાર્ડો, પત્રિકા અથવા બીજા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાનું તથા બનાવવાનું અથવા ફેલાવો કરવાનું.

વિસ્તાર :—

(૧) પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરી હકુમત સિવાયનો રાજકોટ રૂરલ જીલ્લાનો સમગ્ર વિસ્તાર.

(૨) આ હુકમનો ખંડ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.:—

—સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીએ કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય.
—વૃધ્ધ તથા અશકતો કે જેઓને લાકડીના ટેકે ચાલવાનું હોય.

—જીલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તરફથી જેને પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં પોલીસ લાઉડ-સ્પીકર વાહનો દ્વારા પ્રસારિત કરીને તથા જાહેર દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો અથવા ગુજરાત રાજ્યમાં અસાધારણ રાજ્યપત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

મેં આજરોજ તા. ૧૩—૨—૯૬ ના રોજ મારી સહી કરી સિક્કો કર્યો.

રાજકોટ, ૧૩ માહે ફેબ્રુઆરી સને ૧૯૯૬.

એફ. પી. હાલાણી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ.

Printed at the Government Press, Rajkot.
Complaints about Gazette must be made within a fortnight
from the date of this publication accompanied
by the Wrappers.

INDEX

REGISTERED No. G.R.J.-24

©

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII WEDNESDAY 28th FEBRUARY, 1996 PHALGUNA 9, 1917 No. 9

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART- I EXTRAORDINARY

મુંબઈ પોલીસ અધિનિયમ સને.૧૯૫૧નાં નિયમ -૨૨ નોકલમ ૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ :-

જાહેરનામું નં: એસ.બી./જાહેરનામું/૧૨૭/૧૯૯૬ પોલીસ કમિશ્નરનો કચેરી. રાજકોટ શહેર રાજકોટ. તા. ૨૬/૨/૯૬

રાજકોટ શહેરનાં પર્વ.તિ વર્તમાન પરિસ્થિતિ અંગે ઉજોગોને ધ્યાનમાં રાજકોટ શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈપણ પ્રકારનો અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે હતું સર જાહેરનામું બહાર પાડવા અમોને છુટ જણાય છે.

જેથી હું ચિતરંજન સિંઘ પોલીસ કમિશ્નર રાજકોટ શહેર મુંબઈ પોલીસ - અધિનિયમ, સને ૧૯૫૧નાં નિયમ -૨૨નો કલમ ૩૭(૧) થી મળેલ સત્તાનો રુએ નીચે જણાવેલ વિસ્તાર માંતા. ૧/૦૩/૯૬ નાં કલાક :-૦૦/૦૦થી તા.૩૧/૦ ૩/૯૬ ન.ફ-કલાક :-૨૪/૦૦ સુધી નીચે નાં કૃત્યો કરવાનો મનાઈ કરમાવું છું.

(ક) :- શસ્ત્રો, ચપ્પુ, બરછી, અગ્નિશસ્ત્રો, લાકડી, અથવા ભાલા, ડંડો, તલવાર મીસાઈલ, વિ. તેમજ શારિરીક હિંસા પહોચાડવા માટે ઉપયોગ માં લઈ શકાય તેવો કોઈપણ ચીજવસ્તું લઈ જવાનો કે ધારણ કરવાનો,

(ખ) :- કોઈપણ ક્ષાયધમીં અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાનો.

(ગ) :- પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેકવા કે નાંખવા માટેનાં યંત્રો અથવા સાધનો લઈ જવાનો એકઠો કરવાનો તૈયારો કરવાનો.

(ઘ) :- કોઈપણ સરઘસમાં સળગાવેલી મશાલ લઈ જવાનો.

(ચ) :- વ્યકિત અથવા તેનાં આકૃતિઓનાં પુતળા દેખાડવાનો તેવા ચિત્રો નિશાનોઓ જાહેર ખબર અથવા તેનો ફેલાવો કરવાનો અને તેવા અધિકારો ઓ અંગે નાં અભિપ્રાય જોખમાતાં હોય અથવા તેને પરિણામે રાજ્ય

(RJ-I Y(Ext) 1 [12]

INDEX

[illegible] ઉથલો પડવાનો હોય તેવા ઇટાકેદાર બાણ ચાપવાનો [illegible] વિગેરે કરવાનો કે ચિત્રો, નિશાનોઓ વિગેરે દેખાડવાનો કે તેનો ફેલાવો કરવાનો.

વિસ્તાર :- પોલીસ કમિશ્નર રાજકોટ શહેરનો હકુમતનો તળે સમગ્ર વિસ્તાર

અપવાદ :- આ ખંડ નીચેની વ્યકિતઓ ને લાગું પડશે નહી.

(૧). સરકારી નોકરી કરતી વ્યકિત કે જેને અધિકારી એ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા લઈ જવાનું ફરજમાં આવતું હોય.
(૨). વૃધ્ધ અશકત લોકો કે જેને લાકડી ને ટેકે ચાલવાનું હોય.
(૩). પોલીસ કમિશ્નર રાજકોટ શહેર તરફથી જેને પરવાનગી આપવામાં આવી હોય, તેવો વ્યકિત.

આ જાહેરનામાં નાં કોઈપણ ખંડનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને. ૧૯૫૧ની મુંબઈ પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ નો જાહેરાત ઉપર નિદોષ્ટ કરેલા વિસ્તારમાં પોલીસવાહન સ્પીકર દ્વારા પ્રસારીત કરી તેમજ જાહેરમાં દેખી શકાય તેવી જગ્યાએ ચોટાડી ને સ્થાનિક વર્તમાન પત્રોમાં અને ગુજરાત રાજ્ય અસાધારણ રાજ્ય પત્રમાં જાહેરાત પ્રસિધ્ધ કરવા ફરમા[illegible]

[illegible] તા.૨૬/૨/૯૬ના રોજ મારી સહી કરી સિકકો સ્વહસ્તે

(ચિતરંજન સિંઘ)
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર રાજકોટ

મુંબઈ પોલીસ અધિનિયમ -૧૯૫૧ નાં અધિનિયમ ન.-૨૨,ની કલમ. ૩૩(૬) (બી) અને (બીડી)

ન. એસ.બી/બી.પી.એ-૩૩/[illegible]/૯૬
પોલીસ કમિશ્નર કચેરી.
રાજકોટ શહેર રાજકોટ
તા. ૨૭/૨/૯૬.

હુકમ :-

હાલમાં હોળી તથા ધુળેટી નો તહેવાર નજીકમાં આવતો હોઈ કેટલાક લોકો તથા બાળકો જાહેર રસ્તાઓ ઉપર તથા. ગલીઓમાં દોડાદોડી કરી જાહેર માં ચાલતાં ટ્રાફિકને અડચણરુપ બને તેમજ લોકોની તેમજ પોતાની સલામતી જોખમાય તેવી રીતે નાં વર્તન વ્યવહાર અટકાવવાનું ખુબ જ જરુરી જણાય રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તાર માં મુંબઈ પોલીસ અધિનિયમ ની કલમ ૩૩(૧) (બી) મુજબ મને મળેલ અધિકાર નો રુએ. હું. ચિતરંજનસિંઘ. આઈ.પી. એસ., પોલીસ કમિશ્નર રાજકોટ શહેર , રાજકોટ કમિશ્નર રેટ વિસ્તાર નાં લોકો નાં જાનમાલની સલામતી ત્થા ટ્રાફિક ની જાળવણી અર્થે આથી ફરમાવું છું કે કોઈપણ ઈસમ અથવા ઈસમોએ જાહેર રસ્તા ઉપર કોરો

INDEX

[redacted] ઈમિશ્રીત પાણી મથવાં તેવા કોઈ પણ પ્રકારનાં પ્રવાહોનો ફેકવાં [redacted]-નાં સાધનો લઈજાહેર રસ્તાઓ ઉપર ઢોઢવું નહી. પોતાનાં વાહનો રોકવાં નહી કે જાહેર માર્ગો ઉપર ટ્રાફિક ને અડચણ થાય નહી કે ઉશ્કેરાટ સર્જાય કે કોઈ ને કે પોતાને ઈજા કે હાનો થાય તેવો કોઈ પણ પ્રવૃત્તિ થી ટ્રાફિક ને અડચણ કરી વાહન વ્યવહાર નાં નિયમમાં અડચણ કરવો નહીં.

વિસ્તાર :-

રાજકોટ શહેર પોલીસ કમિશનર રેટ વિસ્તાર.

આ જહેરનામાં નો ભંગ કરનાર ઈસમ વિરુધ્ધ મુંબઈ પોલીસ એકટ નો કલમ -૧૩૧ નો જોગવાય અનુસાર શિક્ષાત્મક પગલું લેવામાં આવે છે.

આ હુકમ તા. ૧-૩-૯૬ થી તા. ૭-૩-૯૬ (૬-ને દિવસો સહોત) સુધી અમલમાં રહેશે.

આ હુકમ નિદિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાય થી દેખી શકાય અને વાંચી શકાય તેવી રીતે તેનો બહોળાચે પ્રસિધ્ધી આપવી.

મે. આજ રોજ તા. ૨૭/૨/૯૬ નાં રોજ મારો સહી કરી, સિકકો મારેલ છે.

(ચિતરંજન સિંધ)
પોલીસ કમિશનર
રાજકોટ શહેર રાજકોટ

Printed at the Government Press Ra kot
Complaints about Gazette must ke made within a formight from the date of this Publication accompanied by the Wrapper.

INDEX

REGISTERED No. GRJ.-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] THRUSDAY, 29th FEBRUARY, 1996/PHALGUNA 10, 1917 [No. 10

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I

EXTRAORDINARY

જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નાં. જે. એમ. એ. જી.-બીપીએ- ૩૩ - (૧)(બી) ૫૧૬.— ડીવીઝનલ રેલ્વે મેનેજરશ્રી (વર્કસ) વેસ્ટર્ન રેલ્વે, ભાવનગર પરાએ તેમના તા. ૩૧-૧૦-૯૫ના પત્રથી દરખાસ્ત કરી જેતપુર-વીરપુર વચ્ચે ભાદર નદીના પુલ ઉપર આવેલ રેલ-કમ રોડ વાળો પુલ નબળો પડી ગયેલ છે તેમજ આ રોડ ઉપર વધારે ટ્રાફીક રહેતો હોય તેમજ જેતપુર-વીરપુર વચ્ચે ભાદર નદી ઉપર નેશનલ હાઈવે વાળો નવો પુલ વાહનો માટે બનાવવામાં આવેલ હોય આ રેલ-કમ રોડ વાળો પુલ તમામ પ્રકારના વાહનો માટે સદંતર બંધ કરવા જાહેરનામું બહાર પાડવા માંગણી કરેલ છે. દરખાસ્તની ઉકત વિગતે આ રેલ-કમ રોડ પુલ તમામ પ્રકારના વાહનો માટે સદંતર બંધ કરવાનું અમોને ઈષ્ટ જણાયું છે.

જેથી હું, ગુરૂપ્રસાદ મહાપાત્ર, આઈ. એ. એસ., જીલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જીલ્લા, રાજકોટ, મુંબઈ પોલીસ અધિનિયમ -૧૯૫૧ની કલમ -૩૩ (૧) (બી) થી અમોને મળેલ અધિકારની રૂએ ઉપર જણાવેલ જેતપુર—વીરપુર વચ્ચે આવેલ રેલ-કમ રોડ વાળા પુલ ઉપર પાટા ઉપર ચાલતી રેલ્વે ટ્રેઈન સિવાયના તમામ પ્રકારના વાહનોને અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

વિકલ્પો આ વાહન વ્યવહાર નવાગઢ થઈ નેશનલ હાઈવે નં. ૮ -બી ઉપર થઈ ભાદર નદી ઉપર બનાવવામાં આવેલ નવા પુલ ઉપરથી અવર જવર કરી શકશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર સામે મુંબઈ પોલીસ અધિનિયમની કલમ -૧૩૧ અનુસાર કામ ચલાવી શકાશે.

આજરોજ, તા. ૨૦-૨-૧૯૯૬ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા હેઠળ પ્રસિધ્ધ કરવામાં આવ્યો.

રાજકોટ, ૨૨ માહે ફેબ્રુઆરી સને ૧૯૯૬.

ગુરૂપ્રસાદ મહાપાત્ર,
જીલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ.

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT
COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.

INDEX

REGISTERED No. GRJ-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] THURSDAY, 7th MARCH, 1996/PHALGUNA 17, 1917 [No. 11

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I

EXTRAORDINARY

પોલીસ કમિશ્નર દ્વારા

જાહેર નોટીસ

ક્રમાંક : રાજ/સીપી/એલબી-(૪)-૩૫૬/૯૬.—

રાજકોટ શહેરમાં ભુતખાના ચોકમાં ટ્રાફીકની અવર-જવર ખુબજ વધેલ છે અને પ્રવર્તમાન સંજોગોમાં ભુતખાના ચોકથી લોધાવાડ ચોક જવાનો રસ્તો વધુ પ્રમાણમાં ટ્રાફીકના પ્રવાહને લીધે સાંકડો પડે છે. ભુતખાના ચોક તથા લોધાવાડ ચોક સ્વયં સંચાલિત ટ્રાફીક સીગ્નલો આવેલ છે. જ્યારે લોધાવાડ ચોક તરફથી આવતા ટ્રાફીકની સાઈડ બંધ હોય છે ત્યારે તે બાજુ વાહનોની લાંબી કતાર થાય છે. આથી ભુતખાના ચોક તરફથી આવતા ટ્રાફીક પૈકી રજપુતપરા મેઈન રોડ પર જવાવાળા સરળતાથી જઈ શકતા નથી અને સાઈડ ખુલ્લી થાય તો જઈ શકે જેના પરિણામે વાહનો વચ્ચે ઉભા રાખે છે જે અડચણ રૂપ થાય છે. તથા કયારેક રોડ બ્લોક થઈ જાય છે. જેથી આ મુશ્કેલીઓ નિવારવા ભુતખાના ચોકથી લોધાવાડ ચોક તરફ જતા રસ્તા પરથી "રમેશ મશીનરી સ્ટોર્સ" અને ઉત્કૃષ્ટ દુકાનો વચ્ચેથી પસાર થતા રજપુતપરા મેઈન રોડ પર જવા માંગતા ટ્રાફીકને જમણી બાજુ વળવા માટે મનાઈ એટલે કે "પ્રવેશ બંધ" કરવાનું હિતાવહ જણાય છે.

સબબ હું, ચિતરંજન સિંઘ, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ, અમોને મુંબઈ પોલીસ અધિનિયમ—૧૯૫૧ની કલમ ૩૩(૧)બી થી મળેલ અધિકારની રૂએ નીચે જણાવ્યા મુજબ "જમણી બાજુ વાળવાની મનાઈ" ફરમાવવા ઈચ્છું છું.

ભુતખાના ચોકથી લોધાવાડ ચોક તરફ જતા રસ્તા પરથી "રમેશ મશીનરી સ્ટોર્સ અને ઉત્કૃષ્ટ પોઈન્ટ" દુકાનો વચ્ચેથી પસાર થતા રજપુતપરા મેઈન રોડ પર જવા માંગતા ટ્રાફીકને આ જગ્યાએથી જમણી બાજુ વળવા માટે મનાઈ એટલે કે "પ્રવેશ બંધ."

વિકલ્પે આ ટ્રાફીક રજપુતપરા મેઈન રોડ પર જવા માટે લોધાવાડ પોલીસ ચોકી સામે નોબલ હાઉસ દુકાન પાસેથી રજપુતપરા શેરી નં. ૮માં થઈ, રજપુતપરા શેરી નં. ૬માં થઈ રજપુતપરા મેઈન રોડ પર જઈ શકશે. રજપુતપરા શેરી નં. ૮, બંને તરફથી અવરજવર માટે ખુલ્લી રહેશે. તેમજ રજપુતપરા મેઈન રોડ પરથી ભુતખાના ચોક તરફ ટ્રાફીક આવી શકશે.

સબબ આ બારામાં કોઈને વાંધા અગર સુચનો રજુ કરવાના હોય તો તેમણે તેમના વાંધા અગર સુચનો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૨૧માં નીચે સહી કરનારની કચેરીએ રજુ કરવા આથી જાણ કરવામાં આવે છે. મુદત વિત્યા બાદ રજુ થયેલ વાંધાઓ અગર સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં. મુદત દરમ્યાન મળેલ વાંધા સુચનો વિચારણામાં લઈ આખરી હુકમ બહાર પાડવામાં આવશે.

રાજકોટ, ૨ માહે માર્ચ સને ૧૯૯૬.

જાહેર નોટીસ

ક્રમાંક : રાજ/સીપી/એલબી-(૪)-૩૫૩/૧૯૯૬.—રાજકોટ શહેરમાં દેનાબેંક ચોકથી રાજકોટ સર્વીસ સ્ટેશન સુધીના ઢેબર રોડ પર હાલમાં બંને બાજુ વાહનોનું પાર્કીંગ થાય છે બંને બાજુ મોટર સાયકલ અને મોટરકારનું પાર્કીંગ થવાથી અવ્યવસ્થિત પાર્કીંગને કારણે સામાન્ય ટ્રાફીકને અવરજવરમાં અગવડતા પડે છે. તથા ઘણી વખત ટ્રાફીકને કારણે રોડ બ્લોક થઈ જાય છે. અને આ રોડ પર સીટી બસના રૂટ હોવાથી એસ.ટી. બસો પણ પસાર થાય છે. જેથી ટ્રાફીકની અવરજવર સરળતાથી થઈ શકે તથા વાહન ઘણા વ્યવસ્થિત પાર્ક થઈ શકે તે માટે દેનાબેંક ચોકથી રાજકોટ સર્વીસ સ્ટેશન સુધીના ઢેબર રોડને એકી-બેકી તારીખે મોટર સાયકલ તથા કાર પાર્કીંગ ઝોન જાહેર કરવાનું હિતાવહ જણાય છે.

સબબ હું, ચિતરંજન સિંઘ, પોલીસ કમીશ્નર, રાજકોટ શહેર, રાજકોટ મને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧) (ગ) થી મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ રસ્તાની બંને બાજુએ એકી -બેકી તારીખે વાહનોનું પાર્કીંગ ઝોન જાહેર કરવા ઈચ્છું છું.

" દેના બેંક ચોકથી રાજકોટ સર્વીસ સ્ટેશન સુધીનો ઢેબર રોડ પર મોટર સાયકલ તથા કાર માટે એકી-બેકી તારીખે પાર્કીંગ ઝોન."

ઉપરોકત સ્થળે એકી-બેકી તારીખ મુજબ પાર્કીંગ ઝોન જાહેર કરવા સબંધમાં કોઈએ વાંધા અગર સુચનો રજુ કરવા હોય તો તેમના વાંધા અગર સુચનો લેખીત સ્વરૂપમાં આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૨૧ (એકવીસ)માં નીચે સહી કરનારની કચેરીએ રજુ કરવા જાણ કરવામાં આવે છે. મુદત વિત્યા બાદ મળેલ વાંધા સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં મુદત દરમ્યાન મળેલ વાંધા સુચનો લક્ષમાં લેવાયા બાદ આખરી હુકમો બહાર પાડવામાં આવશે.

રાજકોટ, ૨ માહે માર્ચ સને ૧૯૯૬.

ચિતરંજન સિંઘ,
પોલીસ કમીશ્નર,
રાજકોટ શહેર.

Printed at the Government Press, Rajkot.
Complaints about Gazette must be made within a fortnight
from the date of this publication accompanied
by the Wrappers.

INDEX

REGISTERED No. GRJ.-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] TUESDAY, 12th MARCH, 1996/PHALGUNA 22, 1917 [No. 12

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

પોલીસ કમિશનર દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧નાં અધિનિયમની ૩૨ મી કલમ ૩૭ (૩) અન્વયે કાઢેલ હુકમ.

હુકમ

ક્રમાંક એસ.બી./૩૭(૩) ૬૮૪/૧૯૯૬.— રાજકોટ શહેરમાં પ્રવર્તમાન સંજોગોમાં એસ.એસ.સી. તથા એચ.એસ.સી. માર્ચ-૯૬ની પરીક્ષાઓ તા. ૧૮-૩-૯૬ થી શરૂ થતી હોય જેને અનુલક્ષીને રાજકોટ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાય રહે તે માટે નીચે મુજબનો હુકમ બહાર પાડવાનુ અમોને ઈષ્ટ જણાય છે.

હું, ચિતરંજનસિંઘ, આઈ. પી. એસ., પોલીસ કમિશ્નર રાજકોટ શહેર સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમ ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૧૮-૩-૯૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૬-૪-૯૬ના ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અથવા કોઈ સભા ભરવી નહીં કે બોલાવી નહી તેમજ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :

પોલીસ કમિશ્નર રાજકોટ શહેરની હકુમત તળેનો એસ.એસ.સી. તથા એચ.એસ.સી. પરીક્ષા કેન્દ્રોની આસપાસનો ૧૦૦ મીટરનો સમગ્ર વિસ્તાર.

આપવાદ :

આ હુકમ જે માણસો સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ લોમગાર્ડના સભ્યો જે ફરજ ઉપર તેમને ધાર્મિક મરણોતર અથવા લગ્ન અંગેના સરઘસોને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ સજાને પાત્ર થશે. અથવા ભારતીય ફોજદારી અધિનિયમ ૧૯૬૦ના અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આથી હું ફરમાવું છું કે આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડીને તથા સ્થાનિક વર્તમાન પત્રોમાં તથા ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્રમાં જાહેર કરી બહોળી પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું આજરોજ તા. ૧૧-૩-૯૬ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો મારી આ હુકમ બહાર પાડયો છે.

રાજકોટ, તા. ૧૧-૩-૯૬.

ચિતરંજન સિંઘ,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.

Printed at the Government Press, Rajkot.
Complaints about Gazette must be made within a fortnight from the date of this Publication accompanied By the Wrapper.

REGISTERED No. GRJ.-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] MONDAY, 18th MARCH, 1996/PHALGUNA 28, 1917 No. 13

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ફોજદારી કાર્યરીતી અધિનિયમ- ૧૯૭૩ની કલમ-૧૪૪ નીચે કાઢેલું જાહેરનામું :—

જાહેરનામું

નાં. ઓમઓજી/ સીકલમ-૧૪૪ / ૩ -૯૬.—ગુજરાત ૭ માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા એસ. એસ. સી. અને એચ. એસ. સી. વાર્ષિક પરીક્ષાઓ તા. ૧૮-૩-૯૬ થી તા. ૬-૪-૯૬ સુધી આ જીલ્લામાં લેવાનાર છે તે વખતે પરીક્ષા કેન્દ્રો આસપાસ લોકો એકત્ર થવા સંભવ છે અને તેથી પરીક્ષાર્થીઓને ખલેલ પડે તેવો સંભવ છે આ પરીક્ષાઓ શાંત અને એખલાસભર્યા, વાતાવરણમાં યોજાય તથા બીનઅધિકૃત વ્યકિતઓ પરીક્ષાની કામગરીને દખલ પહોંચાડે નહી તે હેતુથી ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ -૧૪૪ મુજબ પગલા લેવાનું પુરતું કારણ છે અને તેમ થતું અટકાવવા ઉપાય યોજવાનું ઈષ્ટ જણાય છે.

તેથી હું, એસ. કે. લાંગા, જી. ઓ. એસ., અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ , જુનાગઢ જીલ્લા જુનાગઢ ફોજદારી કાર્યરીતી અધિનિયમ -૧૯૭૩ ની કલમ -૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, જિલ્લા પોલીસ અધિકારીશ્રી, જુનાગઢ અને પોરબંદરના જીલ્લા પોલીસ વિસ્તારમાં સમાવિષ્ટ થતાં આ સાથેનાં પરિશિષ્ટ - આ -બ- લીસ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોની આસપાસ - ૨૦૦ મીટર વિસ્તારમાં કોઈપણ માર્ગ ઉપર કે, ચોકમાં કે ગલીઓમાં પાંચ કરતાં વધારે સંખ્યામાં લોકોએ એકઠા થવું નહી સરઘસો કાઢવા નહી તેમજ સુત્રો પોકરવાં નહી.

આ હુકમ જેને મુકિત આપવામાં આવી હોય તેવા ફરજ પરના કર્મચારીઓને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો અમલ, તા. ૧૮-૩-૯૬ થી તા. ૬-૪-૯૬ સુધી કરવાનો રહેશે આ જાહેરનામાનો કોઈપણ શખ્ખ ભંગ કરે તો કાયદેસરના પગલા લેવામાં આવશે.

આ જાહેરનામું આજ રોજ તા. ૧૨મી માહે માર્ચ સને ૧૯૯૬ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

જુનાગઢ, ૧૨ માહે માર્ચ સને ૧૯૯૬

એસ. કે. લાંગા,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ,
જુનાગઢ જીલ્લો, જુનાગઢ.

ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ હેઠળના જાહેરનામા ક્રમાંક : ઓમઓજી-સી-કલમ-૧૪૪/૩-૯૬, તા. ૧૨-૩-૯૬ સાથેનું જોડાણ

પરિશિષ્ટ-આ

ધો. -૧૦ના માર્ચ-૯૬ પરીક્ષા જુનાગઢ જીલ્લો પરીક્ષા કેન્દ્રોની માહિતી

કેન્દ્ર : જુનાગઢ ઉત્તર-દક્ષિણ

૧. કન્યા વિનય મંદિર જોષીપુરા
૨. ગવર્નમેન્ટ ગર્લ્સ હાઈસ્કૂલ, જુનાગઢ
૩. એમ. ડી. એસ. આર્ય કન્યા વિદ્યા. જુનાગઢ
૪. નરસિંહ વિદ્યા મંદિર જુનાગઢ
૫. ન્યુ બેસ્ટ ઈંગ્લીશ સ્કુલ જોષીપુરા
૬. સ્વામી લીલાશાહ વિદ્યા મંદિર જુનાગઢ

૭. માનસ ભારતી વિદ્યા ભવન, જુનાગઢ
૮. આર. જે. કનેરીયા ગ. હાઈસ્કુલ, જુનાગઢ
૯. કાર્મેલ કોન્વેન્ટ સ્કુલ, જુનાગઢ
૧૦. સ્વામી વિવેકાનંદ વિનય મંદિર જુનાગઢ,
૧૧. મહાવીર વિનય મંદિર જુનાગઢ
૧૨. સ્વામીનારાયણ ગુરૂકુળ વિદ્યા. જુનાગઢ
૧૩. ગાયત્રી વિદ્યાલય, ઝાઝરડા રોડ, જુનાગઢ

૨. બાંટવા કેન્દ્ર

૧. સરકારી ગુજરાતી હાઈસ્કુલ બાંટવા
૨. કન્યા વિનય મંદિર, બાંટવા
૩. સનસાઈન મા. શાળા, બાંટવા
૪. સરકારી સિધ્ધી હાઈસ્કુલ, બાંટવા
૫. જીવીયા વિદ્યાલય, લીંબુડા

૩. બીલખા કેન્દ્ર

૧. ગ્રામ પંચાયત હાઈસ્કુલ બીલખા

૪. માણાવદર કેન્દ્ર

૧. સરકારી હાઈસ્કુલ, માણાવદર
૨. લાયન્સ સેકન્ડરી હાઈસ્કુલ, માણાવદર
૩. જસાણી કન્યા વિદ્યાલય, માણાવદર

૫. વંથલી કેન્દ્ર

૧. નગર પંચાયત હાઈસ્કુલ વંથલી
૨. વિવેકાનંદ વિનય મંદિર, વંથલી

૬. પોરબંદર કેન્દ્ર

૧. ભાવસિંહજી હાઈસ્કુલ, મુખ્ય, પોરબંદર
૨. ભાવસિંહજી હાઈસ્કુલ, મોડલ, પોરબંદર
૩. નવયુગ વિદ્યાલય, મુખ્ય, પોરબંદર
૪. નવયુગ વિદ્યાલય, વિજ્ઞાન પ્રવાહ, પોરબંદર
૫. બાલુબા કન્યા વિદ્યાલય, વિજ્ઞાન, પોરબંદર
૬. બાલુબા કન્યા વિદ્યાલય મુખ્ય, પોરબંદર
૭. બાલુબા કન્યા વિદ્યાલય ટ્યુનહોલ, પોરબંદર
૮. મ્યુનિસિપલ ઈંગ્લીશ સ્કુલ પોરબંદર
૯. બી. જે. મદ્રેસા બોયઝ હાઈસ્કુલ, પોરબંદર
૧૦. સ્વામીનારાયણ હાઈસ્કુલ, છાંયા
૧૧. કે. બી. જોષી કન્યા વિદ્યાલય, છાંયા
૧૨. ભારતીય વિદ્યાલય, પોરબંદર
૧૩. મોઢા પ્રાથમિક શાળા પોરબંદર

૭. વિસાવદર કેન્દ્ર

૧. એન. સી. પરમાર ગર્લ્સ હાઈસ્કુલ, વિસાવદર
૨. સરકારી હાઈસ્કુલ, વિસાવદર
૩. સ્વામીનારાયણ હાઈસ્કુલ, વિસાવદર
૪. સરદાર પટેલ વિનય મં. કાલસારી, વિસાવદર

૮. શાપુર કેન્દ્ર

૧. જવાહર વિનય મંદિર, શાપુર
૨. લોકશાળા શાપુર
૩. અધ્યાપન મંદિર શાપુર

૯. ભેંસાણ કેન્દ્ર

૧. વિનય મંદિર ભેંસાણ
૨. ચણાકા ખ્રોટ પ્રાથમિક શાળા ભેંસાણ
૩. પે સેન્ટર કુમાર શાળા ભેંસાણ
૪. પે સેન્ટર કન્યા શાળા ભેંસાણ
૫. આદર્શ કન્યા વિનય મંદિર, રાણપુર
૬. રાણપુર હાઈસ્કુલ, રાણપુર

૧૦. કુતિયાણા કેન્દ્ર

૧. સરકારી હાઈસ્કુલ, કુતિયાણા
૨. સરસ્વતી કન્યા વિદ્યાલય, કુતિયાણા
૩. બાલા હનુમાન મા. શાળા, કુતિયાણા

૧૧. કેશોદ કેન્દ્ર

૧. સરકારી ગર્લ્સ હાઈસ્કુલ, કેશોદ
૨. ડી. ડી. લાડાણી વિદ્યાલય, કેશોદ.
૩. નવયુગ વિદ્યાલય, કેશોદ
૪. સર્વોદય હાઈસ્કુલ, કેશોદ
૫. હઠીસિંહજી વિનય મંદિર, કેશોદ
૬. એલ. કે. હાઈસ્કુલ, કેશોદ

૧૨. માંગરોળ કેન્દ્ર

૧. કોરોનેશન હાઈસ્કુલ, માંગરોળ
૨. વિવેકાનંદ વિનય મંદિર, માંગરોળ
૩. કન્યા વિનય મંદિર, માંગરોળ
૪. એમ. એમ. ઈ. ડબલ્યુ. હાઈસ્કુલ, માંગરોળ
૫. તિરૂપતી હાઈસ્કુલ, માંગરોળ
૬. લીમડાચોક પ્રાથમિક શાળા, માંગરોળ
૭. સરકારી અધ્યાપનમંદિર, માંગરોળ
૮. પરમેશ વિદ્યાલય, માંગરોળ
૯. માધ્યમિક શાળા, માંગરોળ
૧૦. જી.મા.વિ. મંદિર, ચોરવાડ
૧૧. સરકારી હાઈસ્કુલ, ચોરવાડ
૧૨. એચ. જી. અંબાણી કન્યા વિદ્યાલય, માંગરોળ

૧૩. ઉના કેન્દ્ર

૧. શાહ એચ. ડી. હાઈસ્કુલ, ઉના
૨. ગાંધી કન્યા વિદ્યા. ઉના
૩. શીશુ ભારતી હાઈસ્કુલ, ઉના
૪. સ્વામીનારાયણ વિદ્યાલય, ઉના
૫. સેન્ટ જોસેફ હાઈસ્કુલ, ઉના
૬. ગાયત્રી વિદ્યાલય ઉના

૧૪. વેરાવળ કેન્દ્ર

૧. શેઠ એમ.પી. ગ. હાઈસ્કુલ, વેરાવળ
૨. મણીબેન કોટક હાઈસ્કુલ, વેરાવળ
૩. વેરાવળ હાઈસ્કુલ, વેરાવળ
૪. ઈન્ડીયન રેયોન હાઈસ્કુલ, વેરાવળ
૫. અંકુર સૌરભ માધ્યમિક શાળા, વેરાવળ
૬. કે. કે. મૌરી હાઈસ્કુલ, વેરાવળ

૧૫. માળીયા કેન્દ્ર

૧. સરકારી હાઈસ્કુલ, માળીયા
૨. નગર પંચાયત ગર્લ્સ હાઈસ્કુલ, માળીયા
૩. સર્વોદય હાઈસ્કુલ, માળીયા
૪. તાલુકા પે સેન્ટર શાળા, માળીયા

૧૬. તાલાળા કેન્દ્ર

૧. તાલાળા હાઈસ્કુલ, તાલાળા
૨. નવજીવન હાઈસ્કુલ તાલાળા
૩. વલ્લાભાચાર્ય કન્યા વિદ્યાલય, તાલાળા
૪. નુતન હાઈસ્કુલ, તાલાળા

INDEX

૧૫. મેંદરડા કેન્દ્ર

૧. જી. પી. હાઈસ્કુલ મેંદરડા
૨. સરસ્વતી વિદ્યા મંદિર મેંદરડા
૩. ગાયત્રી વિનય મંદિર મેંદરડા
૪. તાલુકા શાળા મેંદરડા

પરિશિષ્ટ-બ

ક્રમ નં. ધો.-૧૨ માર્ચ ૯૬ પરીક્ષા જુનાગઢ જીલ્લો, પરીક્ષા કેન્દ્રોની વિગત

૧. જુનાગઢ કેન્દ્ર

૧. ગવર્નમેન્ટ ગર્લ્સ હાઈસ્કુલ, જુનાગઢ
૨. મહાવીર વિનય મંદિર, જુનાગઢ
૩. કન્યા વિદ્યાલય મંદિર જોશીપુરા
૪. આર. જે. કનેરીયા ગર્લ્સ હાઈસ્કુલ, જુનાગઢ
૫. કાર્મેલ કોન્વેન્ટ સ્કુલ, જુનાગઢ
૬. નરસિંહ વિદ્યા મંદિર જુનાગઢ
૭. સ્વામી લીલાશાહ વિદ્યા મંદિર જુનાગઢ
૮. માનસ ભારતી વિદ્યા ભવન
૯. સ્વામી વિવેકાનંદ વિનય મંદિર જુનાગઢ
૧૦. એમ. ડી. એસ. આર્ય કન્યા વિદ્યામંદિર જુનાગઢ
૧૧. ન્યુ બેસ્ટ ઈંગ્લીશ સ્કુલ જોષીપુરા
૧૨. ગાયત્રી વિદ્યાલય, ઝાંઝરડા
૧૩. સ્વામીનારાયણ ગુરૂકુળ વિદ્યાલય જુનાગઢ

૨. કેશોદ કેન્દ્ર

૧. ગવર્નમેન્ટ ગર્લ્સ હાઈસ્કુલ કેશોદ
૨. એલ. કે. હાઈસ્કુલ કેશોદ
૩. હઠીસિંહજી વિનય મંદિર કેશોદ
૪. ડી, ડી. લાડાણી વિદ્યાલય કેશોદ
૫. નવયુગ વિદ્યાલય કેશોદ
૬. સર્વોદય હાઈસ્કુલ મુખ્ય કેશોદ
૭. સર્વોદય હાઈસ્કુલ ઉ.મા. કેશોદ

૩. માણાવદર કેન્દ્ર

૧. લાયન્સ સેકન્ડરી હાઈસ્કુલ માણાવદર
૨. જસાણી કન્યા વિદ્યાલય માણાવદર
૩. સરકારી હાઈસ્કુલ માણાવદર

૪. પોરબંદર કેન્દ્ર

૧. ભાવસિંહજી હાઈસ્કુલ મુખ્ય પોરબંદર
૨. નવયુગ વિદ્યાલય મુખ્ય પોરબંદર
૩. નવયુગ વિદ્યાલય વિજ્ઞાન કોલેજ પોરબંદર
૪. બાલુબા કન્યા વિદ્યાલય મુખ્ય પોરબંદર
૫. બાલુબા કન્યા વિદ્યાલય મુખ્ય ટાઉન હોલ પોરબંદર
૬. બાલુબા કન્યા વિદ્યાલય વિજ્ઞાન ભવન પોરબંદર
૭. ભાવસિંહજી હાઈસ્કુલ મીડલ સ્કુલ પોરબંદર
૮. સ્વામીનારાયણ હાઈસ્કુલ છાંયા
૯. કે. બી. જોશી કન્યા વિદ્યાલય છાંયા

૫. વેરાવળ કેન્દ્ર

૧. મણીબેન કોટક હાઈસ્કુલ વેરાવળ
૨. ઈન્ડીયન રેયોન હાઈસ્કુલ વેરાવળ
૩. આઈ. ડી. ચૌહાણ હાઈસ્કુલ વેરાવળ
૪. શેઠ એમ. પી. ગર્લ્સ હાઈસ્કુલ વેરાવળ
૫. વેરાવળ હાઈસ્કુલ વેરાવળ
૬. અંકુર સૌરભ હાઈસ્કુલ વેરાવળ
૭. શબાના ગર્લ્સ હાઈસ્કુલ વેરાવળ

૬. ઉના કેન્દ્ર

૧. શાહ એચ. હાઈસ્કુલ ઉના
૨. ગાંધી કન્યા હાઈસ્કુલ ઉના

૭. માંગરોળ કેન્દ્ર

૧. કોરોનેશ હાઈસ્કુલ માંગરોળ
૨. વિવેકાનંદ વિનય મંદિર માંગરોળ
૩. કન્યા વિનયમંદિર માંગરોળ
૪. માધ્યમિક શાળા માંગરોળ
૫. સરકારી અધ્યાપન મંદિર માંગરોળ
૬. એમ. એમ. ઈ. ડબલ્યુ હાઈસ્કુલ માંગરોળ
૭. તીરૂપતી હાઈસ્કુલ માંગરોળ

———

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight
from the date of this Publication accompanied
by the Wrapper.

INDEX

REGISTERED No G.R.J.-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] THURSDAY, 21st MARCH 1996/CAITRA 1, 1918 [No. 14

(૧) પોલીસ કમિશનરશ્રી, રાજકોટ શહેરી હકુમત સિવાયનો રાજકોટ રૂરલ જીલ્લાનો સમગ્ર વિસ્તાર.

(૨) આ હુકમનો ખંડ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી. સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીએ કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય.

વૃધ્ધ તથા અશકતો કે જેઓને લાકડીના ટેકે ચાલવાનું હોય. જીલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તરફથી જેને પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ– ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા પ્રસારીત કરીને તથા જાહેર દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને સ્થાનીક વર્તમાનપત્રો અથવા ગુજરાત રાજયમાં અસાધારણ રાજયપત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

મે આજરોજ તા. ૧૮-૫-૧૯૯૬ના રોજ મારી સહી કરી સીકકો કર્યો.

રાજકોટ, ૧૮ માહે મે સને ૧૯૯૬.

એફ. પી. હાલાણી,
અધીક જીલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight from the date of this Publication accompanied by the Wrapper.

REGISTERED No. GRJ.-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] FRIDAY, 31st MAY, 1996/JYAISTHA 10, 1918 No. 28

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART I EXTRAORDINARY

પોલીસ કમિશ્નર દ્વારા
જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧નાં નિયમ-૨૨ની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ હુકમ.

ક્રમાંક એસ.બી./જાહેરનામું/૧૯૬૧/૯૬.—રાજકોટ શહેરમાં પ્રવર્તમાન પરિસ્થિતિ અંગે સંજોગોને અનુલક્ષીને રાજકોટ શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે અને કોઈપણ પ્રકારનો અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે હેતુસર જાહેરનામું બહાર પાડવા અમોને ઈષ્ટ જણાય છે.

જેથી હું, ચિતરંજનસિંહ, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧નાં નિયમ-૨૨ની કલમ ૩૭(૧) થી મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૧/૬/૯૬નાં કલાક ૦૦/૦૦ થી તા. ૩૦/૬/૯૬નાં કલાક ૨૪-૦૦ સુધીનાં કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(ક) ગ્રસ્સો, ચપ્પુ, બરછી, અગ્નિ શસ્ત્રો, લાકડી, અથવા ભાલા, ડંડો, તલવાર, મીસાઈલ વિ. તેમજ શારિરીક હિંસા પહોંચાડવાં માટે ઉપયોગમાં લઈ શકાય તેવા કોઈપણ ચીજવસ્તુ લઈ જવાની કે ધારણ કરવાની.

(ખ) કોઈપણ ક્રાયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ગ) પથ્થરો અથવાં બીજા શસ્ત્રો, અથવાં તે ફેંકવા કે નાંખવા માટે યંત્રો. અથવા સાધનો લઈ જવાની કે એકઠા કરવાની તૈયારી કરવાની.

(ઘ) કોઈપણ સરઘસમાં સળગાવેલ મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિત અથવાં તેના આકૃતિઓના પુતળા દેખાડવાની તેવાં ચિત્રો નિશાનીઓ જાહેરખબર અથવા તેનો ફેલાવો કરવાની અને તેવાં અધિકારીઓ અંગેના અભિપ્રાય જોખમાતા હોય અથવા તેને પરિણામે રાજ્યની સત્તા ઉથલી પડવાની હોય તેવાં છટાકેદાર ભાષણ આપવાની કે ચેનચાળા વિગેરે કરવાં કે ચિત્રો, નિશાનીઓ વિગેરે દેખાડવાની કે તેનો ફેલાવો કરવાની.

વિસ્તાર : પોલીસ કમિશ્નર, રાજકોટ શહેરની હકુમત તળેનો સમગ્ર વિસ્તાર.

અપવાદ : આ ખંડ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કરતાં વ્યકિત કે જેને અધિકારીઓએ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા લઈ જવાનું ફરજોમાં આવતું હોય.

(૨) વૃધ્ધ અશકત લોકો કે જેને લાકડીને ટેકે ચાલવાનું હોય.

(૩) પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર તરફથી જેને પરવાનગી આપવામાં આવી હોય તેવી વ્યકિત.

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નો મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર નિર્દિષ્ટ કરેલાં વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર દ્વારા પ્રસારિત કરી તેમજ જાહેરમાં દેખી શકાય તેવી જગ્યાએ ચોંટાડીને સ્થાનિક વર્તમાનપત્રોમાં અને ગુજરાત રાજ્ય અસાધારણ રાજ્યપત્રમાં જાહેરાત પ્રસિધ્ધ કરવાં ફરમાવું છું.

મેં આજરોજ તા. ૨૯/૫/૯૬ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી આ હુકમ બહાર પાડવામાં આવે છે.

રાજકોટ, ૨૯ માહે મે સને ૧૯૯૬.

ચિત્તરંજનસિંહ,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.

Printed at The Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight from the date of this Publication Accompanied by the Wrapper.

REGISTERED No. GBJ. 36

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] FRIDAY, 14th JUNE, 1996/JAYISTHA 24, 1918 [No. 29

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણ :

(૧) મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જીલ્લા પંચાયત, રાજકોટના પત્ર ક માંક : ડીએસઆઈ-વશી-૪૪૦, તા. ૮-૬-૯૬

(૨) મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી જીલ્લા પંચાયત, રાજકોટના પત્ર નં. ઈસી-એસએસ-૪૬૨ તા. ૧૦-૬-૯૬

જાહેરનામું

નં. જે-એમ-એજી-વશી-૨૧૫૦-૯૬.— રાજકોટ જીલ્લાના ધોરાજી તાલુકાના નાની વાવડી ગામે કોલેરાનો કેસ નોંધાયેલ હોય નાની વાવડી ગામને કોલેરાગ્રસ્ત જાહેર કરવા તથા ધોરાજી તાલુકાને કોલેરાભય ગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા ઉપર વંચાણ ૧માં જણાવેલ પત્રથી દરખાસ્ત થઈ આવેલ છે. તેવી જ રીતે રાજકોટ તાલુકા રૈયા નગરપાલીકા તેમજ નાનામૌવા અને મવડી મ્યુનિસિપલ બરો વિસ્તારમાં કોલેરાનો રોગ ફેલાવાની શકયતા હોય આ વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત જાહેર કરવા વંચાણ-૨ના પત્રથી દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, ઉપર જણાવેલ વિસ્તારોમાં કોલેરાના રોગની વધુ અસરપ્રસારીત ન થાય તે હેતુથી ગુજરાત રાજયને લાગુ કરવામાં આવેલ એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૬૭ના ભાગ-૨ની કલમ ૨ ની પેટા કલમ-૩ હેઠળ મળેલ સતાની રૂએ હું, ગુરૂપ્રસાદ મહાપાત્ર, આઈ. એ. એસ., જીલ્લા મેજીસ્ટ્રેસ્ટ રાજકોટ જીલ્લા, રાજ કોટ આથી રાજકોટ જીલ્લાના ધોરાજી તાલુકાના નાની વાવડી ગામે કોલેરાગ્રસ્ત અને ધોરાજી તાલુકા વિસ્તાર તથા રાજકોટ તાલુકાના રૈયા નગરપાલીકા અને નાનામૌવા તથા મવડી મ્યુનિસિપલ બરો વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે આજથી ત્રણ માસ સુધી જાહેર કરૂ છું.

રાજકોટ જીલ્લાના ધોરાજી તાલુકાના મામલતદારશ્રીને ધોરાજી નગરપાલીકા વિસ્તાર સિવાયના ધોરાજી તાલુકાના વિસ્તાર માટે તથા ચીફ ઓફીસરશ્રી, ધોરાજી નગરપાલીકા, રૈયા નગરપાલીકા, નાનામૌવા મ્યુનિસિપલ બરો તથા મવડી મ્યુનિસિપલ બરો-ને તેમના વિસ્તાર માટે જરૂરી પગલા લેવા માટે કન્ટ્રોલીંગ ઓફીસર તરીકે આથી નિયુકત કરૂ છું.

આજ તા. ૧૦/૬/૯૬ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા હેઠળ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ગુરૂપ્રસાદ મહાપાત્ર,
જીલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight from the date of this Publication accompanied by the Wrapper.

REGISTERED No. GBV-33

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] TUESDAY, 18th JUNE, 1996/JYAISTHA 28, 1918 [No. 30

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ૧૯૬૬:

નં. જીકે-ક્યુએલ/૧૧૭૧/૪૬૭૯.-શ્રી લાલજી રવજી સોલંકી ને બ્લેકસ્ટોન ખનિજ માટે ૧૦ વર્ષ સુધી ઉત્પન્ન પટો નીચે નીચે જણાવેલ વિગતે અત્રેની કચેરીના હુકમનં. જીકે/ક્યુએલ/ ૧૧૭૧-૧૦૯૯૧ થી ૯૫ તા. ૨૦/૩/૯૧થી રીન્યુઅલ મંજુર કરવામાં આવેલ. તા. ૨૨-૨-૯૧ની અસરથી

તાલુકો: અંજાર, ગામ અંજાર, સ. નં. ૯૮૪/૧૦૬૪ વિસ્તાર: ૧-૦૦-૦૦ હેકટર સદરહું ઉત્પન્ન પટો તા. ૧૬-૩-૯૧નાં રોજ રીન્યુઅલ કાર્યાન્વિત કરી આપવામાં આવેલ.

(૪) પટ્ટેદાર તરફથી સરન્ડર કરવામાં આવતાં.

આથી ગુજરાત ગૌણ ખનિજ ધારા ૧૯૬૬નાં નિયમ ૧૮ (૧) (સી) હેઠળ મળેલ સત્તાનાં આધારે મંજુર/કાર્યાન્વિત કરેલ વિસ્તાર ફરીથી મંજુર કરવા માટે તારીખ ૨૩/૭/૯૬થી ઉપલબ્ધ જાહેર કરવામાં આવેલ છે.

ભુજ:કચ્છ, ૧૩ માહે જુન સને ૧૯૯૬.

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ– ૧૯૬૬:

નં. જી.કે/ક્યુએલ/૩૦૨૮/૪૬૮૭.- શ્રી નિલેષકુમાર એન. ચાકીયાને બ્લેક ટ્રેપ ખનિજ માટે ૧૦ વર્ષ સુધી ઉતખન્ન પટ્ટો નીચે જણાવેલ વિગતે અત્રેની કચેરીનાં હુકમ નં. જી.કે./ક્યુએલ/૩૦૨૮/ ૬૯૬૨ થી ૬૬, તા. ૩/૭/૮૪થી મંજુર કરવામાં આવેલ.

તાલુકો: માંડવી, ગામ: ધુણઈ, સ.નં. ૩૩૧ પૈકી વિસ્તાર ૨-૦૦-૦૦ હેકટર સદરહું ઉત્પન્ન પટ્ટો ના રોજ કાર્યાન્વિત કરી આપવામાં આવેલ. તા.

(૨) સદરહું લીઝપટ્ટો મંજુરી હુકમથી ૯૦ દિવસમાં કાર્યાન્વિત કરાવેલ ન હોતાં.

આથી ગુજરાત ગૌણ ખનિજ ધારા ૧૯૬૬નાં નિયમ ૧૮(૧) (સી) હેઠળ મળેલ સત્તાનાં આધારે મંજુર/કાર્યાન્વિત કરેલ વિસ્તાર ફરીથી મંજુર કરવા માટે તારીખ: ૨૨/૭/૯૬થી ઉપલબ્ધ જાહેર કરવામાં આવેલ છે.

ભુજ-કચ્છ ૧૨ માહે જૂન સને ૧૯૯૬.

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ૧૯૬૬:

નં. જી.કે. ક્યુએલ/૩૦૨૯/૪૬૮૫.-શ્રી વાઢેર અનસુયાકુમારી ધવિણસિંહને બ્લેકસ્ટ્રેપ ખનિજ માટે ૧૦ વર્ષ સુધી ઉત્પન્ન પટ્ટો નીચે જણાવેલ વિગતે અત્રેની કચેરીનાં હુકમ નં. જીકે,/ ક્યુએલ-૩૦૨૯/૬૮૮૨થી૮૬, તા. ૨૬/૩/૮૪ થી મંજુર કરવામાં આવેલ.

તાલુકો: માંડવી, ગામ: ધુણઈ, સ.નં. ૩૩૧ પૈકી વિસ્તાર ૯-૦૦-૦૦ હેકટર સદરહું ઉત્પન્ન પટ્ટો તા. નાં રોજ કાર્યાન્વિત કરી આપવામાં આવેલ.

(૨) સદરહુ લીઝપટ્ટો મંજુરી હુકમથી ૯૦ દિવસમાં કાર્યાન્વિત કરાવેલ ન હોતાં,

INDEX

આથી ગુજરાત ગૌણ ખનિજ ધારા ૧૯૬૬નાં નિયમ ૧૮(૧), (સી) હેઠળ મળેલ સત્તાનાં આધારે મંજુર/કાર્યાન્વિત કરેલ વિસ્તાર ફરીથી મંજુર કરવા માટે તારીખ: ૨૨/૭/૯૬થી ઉપલબ્ધ જાહેર કરવામાં આવેલ છે.

ભુજ—કચ્છ, ૧૩ માહે જુન સને ૧૯૯૬

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ૧૯૬૬ :

નાં. જી.કે.ક્યુએલ//૩૧૫૪/૪૬૭૭—શ્રી દેવજી ભીમજી એન્ડ કું. ને મુરમ ખનિજ માટે પાંચ વર્ષ સુધી ઉત્ખન્ન પટ્ટો નીચે જણાવેલ વિગતે અન્વયેની કચેરીના હુકમ નં. જીકે/ક્યુએલ/૩૧૫૪/૧૩(૨) ૩૬૯૬થી ૧૩૮૦૦ ૨૬/૩/૮૫થી મંજુર કરવામાં આવેલ. તાલુકો: અંજર, ગામ: કિડાણા સ.નં. ૧૫૫/૧ પૈકી વિસ્તાર ૨-૦૦-૬૦૦ હેકટર સદરહુ ઉત્ખન્ન પટ્ટો તા. ૧૨/૧૨/૮૫નાં રોજ કાર્યાન્વિત કરી આપવામાં આવેલ.

(૧) સદરહું લીઝની મુદત પુરી થતાં અને ઉત્ખન્ન પટ્ટો તાજો કરવા માટેની પટ્ટે દારે અરજી કરેલ જે રીન્યુઅલ અરજી નામંજુર થતાં.

આથી ગુજરાત ગૌણ ખનિજ ટ્રારા ૧૯૬૬ નાં નિયમ ૧૮(૧) (સી) હેઠળ મળેલ સત્તાનાં આધારે મંજુર/કાર્યાન્વિત કરેલ વિસ્તાર ફરીથી મંજુર કરવા માટે તા. ૨૨/૭/૯૬થી ઉપલબ્ધ જાહેર કરવામાં આવેલ છે.

ભુજ—કચ્છ ૧૩ માહે જુન સને ૧૯૯૬

જાહેરનામું

ગુજરાત ગૌણખનિજ ૧૯૬૬

નાં. જી.કે./ક્યુએલ/૩૫૦૦/૪૬૮૩.-શ્રી સુરૂભા હકુભા જાડેજાને રેતી ખનિજ માટે ત્રણ વર્ષ સુધી ઉત્ખન્ન પટ્ટો નીચે જણાવેલ વિગતે અત્રેની કચેરીનાં હુકમ નાં. જી.કે.ક્યુએલ /૩૫૦૦/૧૪૭૨/થી ૭૬ તા. ૩/૬/૮૮થી મંજુર કરવામાં આવેલ.

તાલુકો: ભુજ ગામ: ગજોડ, સ. નં. ૧૯૯ પૈકી વિસ્તાર: ૦૨-૦૦-૦૦ હેકટર સદરહું ઉત્ખન્ન પટ્ટો તા. નાં રોજ કાર્યાન્વિત કરી આપવામાં આવેલ.

(૨) સદરહું લીઝ પટ્ટો મંજુરી હુકમથી ૯૦ દિવસમાં કાર્યાન્વિત કરાવેલ ન હોતાં.

આથી ગુજરાત ગૌણ ખનિજ ધારા ૧૯૬૬નાં નિયમ ૧૮(૧) (સી, હેઠળ મળેલ સત્તાનાં આધારે મંજુર/કાર્યાન્વિન્ત કરેલ વિસ્તાર ફરીથી મંજુર કરવા માટે તારીખ: ૨૨/૭/૯૬થી ઉપલબ્ધ જાહેર કરવામાં આવેલ છે.

ભુજ—કચ્છ ૧૩ માહે જુન સને ૧૯૯૬

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ૧૯૬૬ :

નાં. જીકે/ક્યુએલ/૪૫૫૧/૪૬૮૧.—શ્રીમતી મંજુલાબેન બી. દવે ને બેન્ટોનાઈટ ખનિજ માટે પાંચ વર્ષ સુધી ઉત્ખન્ન પટ્ટો નીચે જણાવેલ વિગતે અત્રેની કચેરીનાં હુકમ નાં. જીકે/ક્યુએલ/૪૫૫૧: ૩૦૨૨ થી ૨૬ તા. ૧૭/૦૬/૯૧થી મંજુર કરવામાં આવેલ.

તાલુકો: માંડવી ગામ હમલા, સ.નં. ૧૮૩ પૈકી વિસ્તાર: ૧-૩૦-૦૦ હેકટર સદરહું ઉત્ખન્ન પટ્ટો તા. ૧૦/૯૯/૯૧ના રોજ કાર્યાન્વિત કરી આપવામાં આવેલ.

(૪) પટેદાર તરફથી સરન્ડર કરવામાં આવતાં

આથી ગુજરાત ગૌણ ખનિજ ધારા ૧૯૬૬નાં નિયમ ૧૮ (૧) (સી) હેઠળ મળેલ સત્તાનાં આધારે મંજુર/કાર્યાન્વિત કરેલ વિસ્તાર ફરીથી મંજુર કરવા માટે તારીખ ૨૨/૭/૯૬થી ઉપલબ્ધ જાહેર કરવામાં આવેલ છે.

ભુજ—કચ્છ ૧૩ માહે જુન સને ૧૯૯૬

ગુજરાતનાં રાજ્યપાકીનાં હુકમથી અને તેમનાં નામે.

(સહી) અવારય,
કલેકટર કચ્છ-ભુજ-વતી.

પોલીસ કમિશનર દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નંબર—૨૨ની કલમ—૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ.

હુકમ

નં. એસ.બી./જાહેરનામું/૩૭/(૩) ૨૧૩૪/૧૯૯૬ —રાજકોટ શહેરમાં પ્રવર્તમાન પરિસ્થિતિ અંગે સંજોગોને ધ્યાનલક્ષીને રાજકોટ શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે અને કોઈપણ પ્રકાર નો અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે હેતુસર જાહેરનામું બહાર પાડવા અમોને ઈષ્ટ જણાય છે.

જેથી હું, સુધીર સિંહા, ઈન્ચાર્જ પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર અમોને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ નંબર—૨૨ની કલમ-૩૭(૩) મુજબ મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે તા. ૧૬/૬/૯૬નાં કલાક ૦૦/૦૦ થી તા. ૩૦/૬/૯૬નાં કલાક ૨૪/૦૦ સુધી પરવાનગી લીધા સિવાય કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહીં. સરઘસ કાઢવું નહીં. તેમજ ચારથી વધારે માણસોએ ભેગાં થવું નહીં.

વિસ્તાર : પોલીસ કમિશ્નર, રાજકોટ શહેરની હકુમત તળેનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :

આ હુકમ જે માણસો સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડના સભ્યો જે ફરજ ઉપર હોય તેમને તથા મરણાંતર અથવા લગ્ન અંગેનાં પ્રસંગોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ—૧૩૧ હેઠળ સજાને પાત્ર થશે અથવા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૯૬૦નાં અધિનિયમની કલમ—૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આથી હું ફરમાવું છું કે આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જગ્યાઓ તે નકલો ચોંટાડીને તથા સ્થાનિક વર્તમાન પત્રોમાં તથા ગુજરાત રાજ્યનાં અસાધારણ રાજ્યપત્રમાં જાહેર કરી બહોળી પ્રસિધ્ધી આપવી.

આજ રોજ તા. ૧૫/૬/૯૬નાં રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી આ હુકમ બહાર પાડવામાં આવે છે.

રાજકોટ, ૧૫ માહે જુન સને ૧૯૯૬.

સુધીર સિંહા,
પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight from the date of this Publication accompanied by the Wrapper.

INDEX

REGISTERED No G.RJ.-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] SATURDAY 29th JUNE, 1996/ASHADHA 8, 1918 [No. 31

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણ :—

(૧) અત્રેની કચેરીના અટકાયતી હુકમ નંબર- પાસા--ડીટીએન--૩૩--૯૬, તા. ૪--૫--૯૬.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી, કચ્છ--ભુજના પત્ર નંબર- એલસીબી.--પાસા-- ડીટીએન--ફરાર-જાહેરનામું-- ૪૦--૯૬, તા. ૧૫--૬--૯૬.

(૩) ગુજરાત પ્રિવેન્શન ઓફ એન્ટીસોસીયલ એકટીવીટીઝ એકટ--૧૯૮૫ની કલમ ૮(૨).

જાહેરનામું

નંબર-પાસા-ડીટીએન-૩૩-૯૬.—કચ્છ જીલ્લાના ચુનીલાલ લક્ષ્મણસિંહ ચૌહાણ રહે, નરા તા. લખપતનાં રહેવાસી ભયજનક વ્યકિત હોવાથી અત્રેનાં વંચાણ (૧). તા. ૪--૫--૯૬ વાળાથી ગુજરાત પ્રિવેન્શન ઓફ એન્ટીસોસીયલ એકટીવીટીઝ એકટ--૧૯૮૫ તળે અટકાયતમાં રાખવા હુકમ કરવામાં આવેલ છે અને પાસા કાયદા તળે અટકાયત કરવાનો હુકમ બજાવવા જીલ્લા પોલીસ અધિકારીશ્રી, કચ્છ--ભુજને તા. ૪--૫--૯૬નાં મોકલવામાં આવેલ પરંતુ અટકાયતી મજકુર ફરાર થઈ જતાં જિલ્લા પોલીસ અધિકારીશ્રી, કચ્છ-ભુજે તેમના વંચાણ (૨) તા. ૧૫--૬--૯૬ વાળા પત્રથી જણાવ્યા પ્રમાણે મજકુર શખ્સની અટકાયત કરવા માટે સર્કલ પોલીસ ઈન્સપેકટરશ્રી નખત્રાણાને જણાવેલ પરંતુ મજકુર અટકાયતી હજુસુધી પકડાયેલ ન હોઈ પાસા તળે આગળની કાર્યવાહી કરવા લખાઈ આવેલ છે.

આથી ચુનીલાલ લક્ષ્મણસિંહ ચૌહાણ રહે. નરા, તા. લખપત વાળાને આ જાહેરનામાથી જણાવવામાં આવે છે કે તેમની સામે અટકાયતનો હુકમ કરવામાં આવેલ છે તેથી મજકુર અટકાયતી અટકાયતનો હુકમો ન બજાવી શકાય તે માટે ફરાર થયેલ છે અથવા સંતાતા ફરે છે તેથી આ જાહેરનામાથી તેમને જણાવામાં આવે છે કે, આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ--૩૦ માં જીલ્લા પોલીસ અધિકારીશ્રી, કચ્છ-ભુજ અથવા સર્કલ પોલીસ ઈન્સપેકટરશ્રી, નખત્રાણા સમક્ષ હાજર થવું.

જો, ઉકત સમયમાં હાજર નહીં થાય તો ક્રિમીનલ પ્રોસિજર કોડ--૧૯૭૩ની કલમ--૮૨ થી૮૫ મુજબ તે શખ્સની મિલ્કતની જપ્તી માટે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

આજરોજ તા. ૧૮ મી જુન--૧૯૯૬ના રોજ આ જાહેરનામું મારી સહી તથા સિકકો કરી બહાર પાડયું.

કચ્છ--ભુજ તા. ૧૮--૬--૯૬.

આર. પી. ગુપ્તા,
જિલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ-ભુજ.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight from the date of this Publication accompanied by the Warapper.

INDEX

REGISTERED No G.RJ.-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] MONDAY 1st JULY, 1996/ASHADHA 10, 1918 [No. 32

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ, ૧૯૬૬ :

નાં. જી કે./ક્યુએલ/૪૬૦૫-૫૧૪૪.—શ્રી અનવરહુસેન બી. રાયમા, ને બ્લેકટ્રોપ ખનિજ માટે ૧૦ વર્ષ સુધી ઉત્ખન્ન પટ્ટો નીચે જણાવેલ વિગતે અત્રેની કચેરીનાં હુકમ નં. જીકે/ક્યુએલ. ૪૬૦૫-૧૦૬૪૫ થી ૧૦૬૫૦ તા. ૧૭/૧૦/૯૪થી મંજૂર કરવામાં આવેલ.

તાલુકો: માંડવી ગામ: ગઢશીશા સ.નં. ૫૬૨ પૈકી વિસ્તાર ૨-૦૦-૦૦ હેક્ટર સદરહું ઉત્ખન્ન પટ્ટો તા. ૨૩/૪/૯૬નાં રોજ કાર્યાન્તિ કરી આપવામાં આવેલ.

(૫) પટ્ટેદારે મંજૂર થયેલ વિસ્તાર પૈકી-૧-૦૦ હેકટર છોડી દેતાં,

આથી ગુજરાત ગૌણ ખનિજ ધારા ૧૯૬૬નાં નિયમ ૧૮(૧) (સી) હેઠળ મળેલ સત્તાનાં આધારે મંજુર કાર્યાન્વિત કરેલ વિસ્તાર ફરીથી મંજુર કરવા માટે તારીખ ૧૨/૮/૯૬થી ઉપલબ્ધ જાહેર કરવામાં આવેલ છે.

કચ્છ—ભુજ, ૨૬ માહે જુન સને ૧૯૯૬

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ, ૧૯૬૬ :

નાં. જીકે./ક્યુએલ/૭૩૦/૫૧૪૦—.શ્રી ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશનને બેન્ટોનાઈટ ખનિજ માટે વર્ષ સુધી ઉત્ખન્ન પટ્ટો નીચે જણાવેલ વિગતે અત્રેની કચેરીનાં હુકમ નં. જીકે/ક્યુએલ/૭૩૦/૮૦૫થી૮૧૦, તા. ૨૫/૨/૭૬થી મંજુર કરવામાં આવેલ.

તાલુકો: માંડવી ગામ: વાંઢ સ.નં. ૪૧૮ પૈકી વિસ્તાર ૯-૫૦-૦૦ હેક્ટર સદરહું ઉત્ખન્ન પટ્ટો તા. ૧૧/૫/૭૬નાં રોજ કાર્યાન્વિત કરી આપવામાં આવેલ.

(૧) સદરહું લીઝની મુદત પુરી થતાં અને ઉત્ખન્ન પટ્ટો તાજો કરવા માટેની પટ્ટેદારે અરજી કરેલ ન હોતાં.

આથી ગુજરાત ગૌણ ખનિજ ધારા ૧૯૬૬નાં નિયમ ૧૮ (૧) (સી) હેઠળ મળેલ સત્તાનાં આધારે મંજુર/કાર્યાન્વિત કરેલ વિસ્તાર ફરીથી મંજુર કરવા માટે તારીખ: ૧૨/૮/૯૬થી ઉપલબ્ધ જાહેર કરવામાં આવેલ છે.

કચ્છ—ભુજ, ૨૬ માહે જુન સને ૧૯૯૬.

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ, ૧૯૬૬ :

નાં. જીકે/ક્યુએલ/૮૮૮/૫૧૪૬.—શ્રી ધનજી રામજી આડને બ્લેકટ્રોપ ખનિજ માટે દશ વર્ષ સુધી ઉત્ખન્ન પદો નીચે જણાવેલ વિગતે અત્રેની કચેરીનાં હુકમ નં. જીકે/ક્યુએલ/૮૮૮-/૩૫૦૫, તા. ૨૦/૧૧/૭૮થી મંજુર કરવામાં આવેલ.

તાલુકો: ભુજ ગામ: કુકમા સ.નં. ૩૩૧ પૈકી વિસ્તાર ૨-૦૦-૦૦ હેક્ટર સદરહું ઉત્ખન્ન પટ્ટો તા. ૫/૧૨/૭૮નાં રોજ કાર્યાન્વિત કરી આપવામાં આવેલ.

INDEX

(૪) પટ્ટેદાર તરફથી સરન્ડર કરવામાં આવતાં ૧--૦૦ હેકટર વિસ્તાર.

આથી ગુજરાત ગૌણ ખનિજ ધારા ૧૯૬૬નાં નિયમ ૧૮ (૧) (સી) હેઠળ મળેલ સત્તાનાં આધારે મંજુર/કાર્યાન્વિત કરેલ વિસ્તાર ફરીથી મંજુર કરવા માટે તારીખ ૧૨/૮/૯૬થી ઉપલબ્ધ જાહેર કરવામાં આવેલ છે.

કચ્છ-ભૂજ, ૨૭ માહે જૂન સને ૧૯૯૬.

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ, ૧૯૬૬ :

નાં. જીકે/કયુએલ/૩૯૬૦.—શ્રી દેવશી દેવજી ગોરસીયાને બ્લેકટ્રેપ ખનિજ માટે ૧૦ વર્ષ સુધી ઉત્ખન્ન પટ્ટો નીચે જણાવેલ વિગતે અંત્રેની કચેરીનાં હુકમ નં. જીકે/કયુએલ/૩૯૬૦/૬૦૧૮ થી ૬૦૨૨, તા. ૩૦/૧૦/૯૦થી મંજુર કરવામાં આવેલ.

તાલુકો: ભુજ, ગામ: લાંખેદ સ.નં. ૧૪૮ પૈકી વિસ્તાર ૧--૨૦--૦૦ હેકટર સદરહું ઉત્ખન્ન પટ્ટો તા. ૨૧/૧/૯૧નાં રોજ કાર્યાન્વિત કરી આપવામાં આવેલ.

(૪) પટ્ટેદાર તરફથી સરન્ડર કરવામાં આવતાં.

આથી ગુજરાત ગૌણ ખનિજ ધારા ૧૯૬૬નાં નિયમ ૧૮(૧) (સી) હેઠળ મળેલ સત્તાનાં આધારે મંજુર/કાર્યાન્વિત કરેલ વિસ્તાર ફરીથી મંજુર કરવા માટે તારીખ ૧૨/૮/૯૬થી ઉપલબ્ધ જાહેર કરવામાં આવેલ છે.

કચ્છ-ભૂજ, ૨૬ માહે જૂન સને ૧૯૯૬.

ગુજરાતના રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમનાં નામે.

(સહી) અંવાચ્ય,
કલેકટર,
કચ્છ ભુજ. વતી

જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણ :

(૧) અંત્રેની કચેરીનાં અટકાયતી હુકમ નં. સપ-પરવ-ડીટીએન-૯૬ તા. ૧૬/૫/૯૬.

(૨) જિલ્લા પોલીસ અધિકારીશ્રી કચ્છ-ભુજનાં પત્ર નાં. એલસીબી-કાળાંબજાર-ડીટીએન-જાહેરનામું-૨ - ૯૬ તા. ૨૪--૬--૯૬.

(૩) કાળા બજાર પ્રતિબંધક અને આવશ્યક ચીજવસ્તુઓની પુરવઠાની જાળવણી અધિનિયમ, ૧૯૮૦ની કલમ-૭.

જાહેરનામું

નાં. સપ-પરવ-ડીટીએન-૯૬,—કચ્છ જિલ્લાના માંડવી તાલુકાનાં માંડવી શહેરનાં રહેવાસી અજીત પી. સાધુ,ને આવશ્યક ચીજવસ્તુઓના કાળાં બજાર અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબતના અધિનિયમ, ૧૯૮૦ (સને ૧૯૮૦ના ૭માં) તળે વંચાણ-(૧)માં જણાવેલ હુકમથી અટકાયતમાં રાખવા હુકમ કરવામાં આવેલ છે. અને ઉકત કાયદા તળે અટકાયત કરવાનો હુકમ બજાવવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી (કચ્છ) ભુજને તારીખ: ૧૬/૫/૯૬નાં મોકલવામાં આવેલ. પરંતુ અટકાયતી મજકુર ફરાર થઈ જતાં જિલ્લા પોલીસ અધિકારીશ્રી, કચ્છ ભુજ તેમનાં વંચાણ (૨) વાળા અહેવાલથી જણાવ્યા પ્રમાણે મજકુર શખ્સની અટકાયત કરવા માટે પોલીસ ઈન્સ્પેકટરશ્રી માંડવીને સુચવાયેલ પરંતુ અટકાયતી હજુ સુધી પકડાયેલ નથી. અને નાસતો ફરે છે. તેથી ઉકત કાયદાની જોગવાઈઓ તળે આગળની કાર્યવાહી કરવા લખાઈ આવેલ છે.

૨. આથી અજીત પી. સાધુ રહેવાસી, માંડવી કચ્છ વાળાને આ જાહેરનામાંથી જણાવવામાં આવે છે કે તેમની સામે અટકાયતી જે હુકમ કરવામાં આવેલ છે. તેથી મજકુર અટકાયતીને અટકાયતનો હુકમ ન બજાવી શકાય તે માટે તે ફરાર થયેલ છે. અથવા સંતાતો ફરે છે. તેથી આ જાહેરનામાંથી તેમને જણાવવામાં આવે છે કે આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૩૦(ત્રીસ)માં જિલ્લા પોલીસ અધિકારીશ્રી કચ્છ-ભુજ અથવા પોલીસ ઈન્સ્પેકટરશ્રી માંડવી કચ્છ સમક્ષ હાજર થવું. જો તે આ નિયત સમયમાં હાજર નહીં થાય તો ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ની કલમ-૮૨ થી ૮૫ મુજબ તે શખ્સની મિલ્કતની જપ્તી માટે આગળની કાર્યવાહી કરવામાં આવશે. તેવું આથી જાહેર કરવામાં આવે છે.

૩. આજરોજ તા. ૨૬ માહે જુન-૧૯૯૬નાં રોજ આ જાહેરનામું મારી સહી તથા સીક્કા કરી બહાર પાડયું.

આર. પી. ગુપ્તા,
જીલ્લા મેજીસ્ટ્રેટ,
કચ્છ—ભુજ.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight
from the date of this Publication accompanied
by the Warapper.

INDEX

REGISTERED No G.R.J.-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] FRIDAY 19th JULY, 1996/ASHADHA 28, 1918 [No. 33

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I

EXTRAORDINARY

જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણ : જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત, રાજકોટના પત્ર ક્રમાંક ઈસીએસએસ-વશી-૯૫, તા. ૧૫-૭-૯૬.

જાહેરનામું

નં. જે-એમએજી-વશી-૨૫૧૫-૯૬.-રાજકોટ જીલ્લાના વાંકાનેર શહેરમાં કોલેરાના કેસ નોંધાયેલ હોય, વાંકાનેર શહેરને કોલેરાગ્રસ્ત તથા વાંકાનેર તાલુકા વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા ઉપર વંચાણમાં લીધેલ પત્રથી અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ ઉપર જણાવેલ વિસ્તારોમાં કોલેરાના રોગની વધુ અસર પ્રસારિત ન થાય તે હેતુથી ગુજરાત રાજ્યને લાગુ પાડવામાં આવેલ એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ના ભાગ-૨ની કલમ-૨ની પેટા કલમ—૩ હેઠળ મળેલ સત્તાની રૂએ હું ગુરૂપ્રસાદ મહાપાત્ર, આઈ.એ.એસ. જીલ્લા મેજીસ્ટ્રેટ રાજકોટ જીલ્લા, રાજકોટ આથી રાજકોટ જીલ્લાના વાંકાનેર શહેરને કોલેરાગ્રસ્ત અને વાંકાનેર તાલુકા વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે આજથી ત્રણ માસ સુધી જાહેર કરૂ છું.

રાજકોટ જીલ્લાના વાંકાનેર તાલુકાના મામલતદારશ્રીને વાંકાનેર નગરપાલીકા વિસ્તાર સિવાયના વાંકાનેર તાલુકાના વિસ્તાર માટે તથા ચીફ ઓફીસરશ્રી વાંકાનેર નગરપાલીકાને તેમના વિસ્તાર માટે જરૂરી પગલા લેવા કંટ્રોલીંગ ઓફીસર તરીકે હું નિયુકત કરૂ છું.

આજ તા. ૧૫/૭/૯૬ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા હેઠળ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

(સહી) ગુરૂપ્રસાદ મહાપાત્ર,
જીલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ.

અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

(મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧)ના મુંબઈ અધિનિયમ-૨૨ (૩)નાં કલમ-૩૭ અન્વયે કાઢેલ હુકમ

હુકમ

નં. એમએજી-બીપીએ--૩૭(૩) વશી ૨૪૭૯/૯૬.—રાજકોટ જીલ્લામાં જુલાઈ ૧૯૯૬ના માસમાં અષાઢી બીજ, ઈદે મીલાદ જેવા ધાર્મિક તહેવારો આવતા હોવાથી અને ઉજવણીના ભાગ-રૂપે સભા સરઘસ રેલી વિગેરેનું આયોજન થશે. આ સરઘસો વ્યવસ્થિત રીતે યોજાય અને સુલેહશાંતિ ન જોખમાય તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭(૩) નીચે હુકમ કરવો જરૂરી હોવાનું અમોને ઈષ્ટ જણાતા.

તેથી મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ની પેટા કલમ ૩ થી મને મળેલ સત્તાની રૂએ હું, એફ. પી. હાલાણી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ રાજકોટ જીલ્લા રાજકોટ, આથી રાજકોટ રૂરલ જીલ્લામાં આવેલ તમામ વિસ્તારોમાં તા. ૧૬-૭-૯૬ ના કલાક ૦૦-૦૦ થી તા. ૩૧-૭-૯૬ના કલાક ૨૪ ૦૦ સુધી પરવાનગી લીધા વગર કોઈ સભા કરવી નહી કે કોઈ સરઘસ કાઢવું નહી. એવો આદેશ કરૂ છું.

વધુમાં હું આદેશ કરૂ છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સ્થાનિક સતાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિતને કે સંસ્થાને,

(૨) કોઈ લગ્નના વરઘોડાને

(૩) કોઈ સ્મશાન યાત્રાને.

હું એવો આદેશ કરૂ છું કે આ હુકમ રાજકોટ રૂરલ જીલ્લાના તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકરો મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાની રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ ૧૩૫ અને તેની પેટા કલમ-૩ તથા ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર થશે.

આજ તા. ૧૫/૭/૧૯૯૬ના રોજ મારી સહી સિક્કા હેઠળ પ્રસિધ્ધ કર્યો.

એફ. પી. હાલાણી,
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
રાજકોટ.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight
from the date of this Publication accompanied
by the Wrappers.

INDEX

REGISTERED No. G.R.J.-24

C

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] SATURDAY, 20th JULY, 1996/ASHADHA 29, 1918 [No. 34

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી દ્વારા જાહેરનામું

નં. ઓ. ડી. ઓમ. વશી.૫૧૩૦/૯૬.—રાજકોટના જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામા નં. જે. ઓમ.એ. જી.વશી-૨૫૧૫-૯૬, તારીખ ૧૫/૭/૯૬થી વાંકાનેર તાલુકામાં કોલેરાના કેઈસ થયેલ હોવાના અહેવાલના અનુસંધાને વાંકાનેર તાલુકાને કોલેરા ભયગ્રસ્ત તરીકે જાહેર કરેલ હોય કોલેરાના રોગનો ફેલાવો ન થાય તે માટે એપેડેમીક ડીસીઝ એકટ ૧૯૮૭ના ભાગ-૨ની કલમ-૨ની પેટા કલમ—૩ અન્વયે વાંકાનેર તાલુકાના સમગ્ર વિસ્તાર માટે મામલતદાર વાંકાનેરને ત્વરીત પગલાં લેવા કંટ્રોલીંગ ઓફીસર તરીકે નિમણુંક આપેલ છે. તે અનુસંધાને હું, એચ. ઝેડ. વ્યાસ, મામલતદાર વાંકાનેર ઉકત જાહેરનામા અન્વયે મને મળેલ અધિકારની રૂએ તાલુકાના વિસ્તારમાં કોલેરાનો રોગચાળો અટકાવવા અંગે કોઈપણ કામગીરી બજાવનાર સ્ટાફને તેની કામગીરીમાં રૂકાવટ કરવી નહીં અથવા આનાકાની કરવી નહીં. તેમ કરવામાં આવશે તો સંબંધકર્તા આશામી સામે ઉકત કાયદા અન્વયે કાયદેસરના પગલાં લેવામાં આવશે જેની દરેકે નોંધ લેવી.

વધુમાં ઉકત જાહેરનામા અન્વયે કોલેરા પ્રસરે તેવી ખાન-પાનની વસ્તુઓવાળું ઉત્પાદન તેમજ વહેંચણી ઉપર આ જાહેરનામાની તારીખથી ત્રણ માસ સુધી પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

જેમાં નીચેની વસ્તુઓનો સમાવેશ થાય છે:—

(૧) ગોલા ગુલ્ફી અને સ્થાનિક બનાવટના આઈસ્ક્રીમનું વેચાણ કરવું નહીં.

(૨) ખમણનું વેચાણ કરવું નહીં.

(૩) ઠંડા પીણા જેવા કે શેરડીનો રસ, લીંબુ શરબત, જ્યુસ શેઠક, અને બરફ નાખેલ અન્ય સરબતોનું કે અન્ય સ્થાનીક બનાવટના ઠંડાપીણાઓનું વેચાણ કરવું નહીં.

ઉપરોકત વિગતે ખાનપાનની વસ્તુઓ ઉપર પ્રતિબંધનો ભંગ કરનાર આશામી સામે એપેડેમીક ડીસીઝ એકટની જોગવાઈ ને આધિન કાયદેસરના પગલાં લેવામાં આવશે.

આજ તારીખ ૧૬ માહે જુલાઈ સને ૧૯૯૬ના રોજ મારી સહી તથા સીક્કા સાથે આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

વાંકાનેર, ૧૬ માહે જુલાઈ, સને ૧૯૯૬.

એચ ઝેડ વ્યાસ,
મામલતદાર અને
કોલેરા નિયંત્રણ અધિકારી, વાંકાનેર.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight from the date of this Publication accompanied by the Wrapper.

REGISTERED No. G.R.J.-24

©

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] TUESDAY 23rd JULY, 1996/SHRAVANA 1, 1918 [No. 35

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART–I EXTRAORDINARY

નં. મેમ્લેજી-પાસા-૬૯૫ નં. ૭૮૬૬.

જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરી,
રાજકોટ. તા. ૨૦ : ૭ : ૯૬.

-:: જા હે ર ના મું ::-

આ કચેરીના હુકમ નં. મેમ્લેજી-પાસા-૬૯૫ નં. ૭/૯૬ તા. ૨૬-૬-૯૬ થી રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકામાં ઉપલેટા ગોંડલ હાઇવે ઉપર આવેલ ફુલઝર સોસાયટીમાં રહેતા હસમુખભાઈ નાનાભાઈ માકાર "બારૈયા" ગુજરાત પ્રિવેન્શન ઓફ એન્ટીસોશ્યલ એક્ટીવીટીઝ એક્ટ-૧૯૮૫ ની કલમ-૩(૧) હેઠળ મટકાકામમાં લેવા હુકમ કરવામાં આવેલ છે. પરંતુ આ કામે મળતો નથી કે મળી આવતો નથી. એમ મને ખાત્રી થયેલ છે કે, આ કામે હસમુખભાઈ નાનાભાઈ માકાર, ફુલઝર સોસાયટી, ઉપલેટા, જિ. રાજકોટ વાળો ફરાર થયેલ છે.

આથી આ જાહેરનામા દ્વારા પાઠાને ફરમાવવામાં આવે છે કે, મજકુર કામે હસમુખભાઈ નાનાભાઈ માકારે તારીખ: ૨૪ : ૭ : ૯૬ સુધીમાં રાજકોટ આતેની જિલ્લા પોલિસ મજિસ્ટ્રેટશ્રીની કચેરીમાં તેમના સમક્ષ હાજર થવું.

(ડુપ્લીકેટ મહોર)
જિલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight from the date of this Publication accompanied by the Wrapper. [56]

INDEX

REGISTERED No. G.R.J.-24

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] TUESDAY, 30th JULY, 1996/SRAVANA 8, 1918 **[No 36**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

કલેકટર દ્વારા
જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ૧૯૬૬ :

નં. જી. કે./ક્યુઓલ/૪૩૯૪/૬૦૨૧.—શ્રી એસમાણ ગની હમીદ હિંગોરા બેન્ટોનાઈટ ખનિજ માટે પાંચ વર્ષ સુધી ઉત્ખન્ન પટ્ટો નીચે જણાવેલ વિગતે અત્રેની કચેરીના હુકમ નં. જીકે/ક્યુઓલ-૪૩૯૪/૧૧૨૫૯, તા. ૩૦-૨-૯૧ થી મંજુર કરવામાં આવેલ.

તાલુકા માંડવી, ગામ હમળા સ. નં. ૧૮૩ પૈકી, વિસ્તાર ૨—૦૦ હેક્ટર, સદરહું ઉત્ખન્ન પટ્ટો તા. ના રોજ કાર્યાવિન્ત કરી આપવામાં આવેલ.

(૨) સદરહું લીઝ પટ્ટો મંજુરી હુકમથી ૯૦ દિવસમાં કાર્યાવિન્ત કરાવેલ ન હોતાં.

આથી ગુજરાત ગૌણ ખનિજ ધારા ૧૯૬૬ના નિયમ ૧૮(૧) (સી) હેઠળ મળેલ સત્તાના આધારે મજુર / કાર્યાવિન્ત કરેલ વિસ્તાર ફરીથી મંજુર કરવા માટે તારીખ ૯-૯-૯૬ થી ઉપલબ્ધ જાહેર કરવામાં આવેલ છે.

ભુજ—કચ્છ, ૨૫ માહે જુલાઈ સને ૧૯૯૬.

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ, ૧૯૬૬ :

નં. જી. કે. / ક્યુઓલ/૫૧૬૬/ ૬૦૨૩.— શ્રી અંદાણી કેમીકલ્સને બ્લેક ટ્રૅપ ખનિજ માટે દશ વર્ષ સુધી ઉત્ખન્ન પટ્ટો નીચે જણાવેલ વિગતે અત્રેની કચેરીના હુકમ નં. જીકે/ક્યુઓલ૫૧૬૬/૪૬૬૯ તા.૩૧-૫-૯૫થી મંજુર કરવામાં આવેલ.

તાલુકા માંડવી, ગામ નાના આમેલીયા સ.નં. ૨૧૯ પૈકી વિસ્તાર ૧૦-૦૦ હેકટર સદરહું ઉત્ખન્ન પટ્ટો તા. ના રોજ કાર્યાન્વિત કરી આપવામાં આવેલ.

(૨) સદરહુ લીઝ પટ્ટો મંજુરી હુકમથી ૯૦ દિવસમાં કાર્યાન્વિત કરાવેલ ન હોતાં

આથી ગુજરાત ગૌણ ખનિજ ધારા ૧૯૬૬ના નિયમ ૧૮(૧) (સી) હેઠળ મળેલ સત્તાના આધારે મંજુર / કાર્યાન્વિત કરેલ વિસ્તાર ફરીથી મંજુર કરવા માટે તારીખ ૯-૯-૯૬ થી ઉપલબ્ધ જાહેર કરવામાં આવેલ છે.

ભુજ-કચ્છ, ૨૫ માહે જુલાઈ સને ૧૯૯૬.

INDEX

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ૧૯૬૬ :

નં. જી કે./ક્યુએચ/૪૨૨૯/૬૦૨૫.—શ્રી હીંગોરા ઓસમાણ ગની હાપરને બેન્ટોનાઈટ ખનિજ માટે પાંચ વર્ષ સુધી ઉત્ખન્ન પટો નીચે જણાવેલ વિગતે અત્રેની કચેરીના હુકમ નં. જીકે-ક્યુએલ-૪૨૨૯-૧૧૦૧૬૦, તા. ૨૦-૩-૯૧ થી મંજુર કરવામાં આવેલ.

તાલુકા માંડવી, ગામ હમળા સ. નં. ૧૮૩ પૈકી વિસ્તાર ૨-૦૦ હેકટર, સદરહું ઉત્ખન્ન પટ્ટો તા. ના રોજ કાર્યાવિન્ત કરી આપવામાં આવેલ.

(૨) સદરહું લીઝ પટે મંજુરી હુકમથી ૯૦ દિવસમાં કાર્યાન્વિત કરાવેલ ન હોતાં

આથી ગુજરાત ગૌણ ખનિજ ધારા ૧૯૬૬ના નિયમ ૧૮ (સી) હેઠળ મળેલ સત્તાના આધારે મંજુર/કાર્યવિન્ત કરેલ વિસ્તાર ફરીથી મંજુર કરવા માટે તારીખ ૯--૯--૯૬ થી ઉપલબ્ધ જાહેર કરવામાં આવેલ છે.

ભુજ-કચ્છ, ૨૫ માહે જુલાઈ સને ૧૯૯૬.

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ૧૯૬૬ :

નં. જી. કે. ક્યુએલ/૪૫૫૦/૬૦૨૭.—શ્રીમતી મંજુલાબેન બી. દવેને બેન્ટોનાઈટ ખનિજ માટે પાંચ વર્ષ સુધી ઉત્ખન્ન પટ્ટો નીચે જણાવેલ વિગતે અત્રેની કચેરીના હુકમ નં. જીકે/ક્યુએલ/૪૫૫૦ / ૬૭૬૨ તા. ૮-૧૦—૯૧થી મંજુર કરવામાં આવેલ.

તાલુકા માંડવી, ગામ હમળા સ. નં. ૧૮૩ પૈકી વિસ્તાર ૧-૦૦ હેકટર, સદરહું ઉત્ખન્ન પટ્ટો તા. ના રોજ કાર્યાવિન્ત કરી આપવામાં આવેલ.

(૨) સદરહું લીઝ પટ્ટો મંજુરી હુકમથી ૯૦ દિવસમાં કાર્યાન્વિત કરાવેલ ન હોતા.

આથી ગુજરાત ગૌણ ખનિજ ધારા ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) (સી) હેઠળ મળેલ સત્તાના આધારે મંજુર/કાર્યાવિન્ત કરેલ વિસ્તાર ફરીથી મંજુર કરવા માટે તારીખ ૯-૯-૯૬થી ઉપલબ્ધ જાહેર કરવામાં આવેલ છે.

ભુજ-કચ્છ, ૨૫ માહે જુલાઈ સને ૧૯૯૬.

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ૧૯૬૬ :

નં. જી.કે./ક્યુએલ—૫૧૦૪—૬૦૧૭.—

શ્રી માવજી નાનજી ઉકાણીને બેન્ટોનાઈટ ખનિજ માટે પાંચ વર્ષ સુધી ઉત્ખન્ન પટ્ટો નીચે જણાવેલ વિગતે અત્રેની કચેરીના હુકમ નં. જીકે /ક્યુએલ / ૫૧૦૪ / ૧૧૨૫, તા. ૧૪-૧૧-૯૪થી મંજુર કરવામાં આવેલ.

તાલુકા માંડવી, ગામ શેરડી સ. નં. ૩૭૬ પૈકી વિસ્તાર ૨-૦૦ હેકટર સદરહું ઉત્ખન્ન પટ્ટો તા. ના રોજ કાર્યાવિન્તા કરી આપવામાં આવેલ.

(૨) સદરહુ લીઝ પટ્ટો મંજુરી હુકમથી ૯૦ દિવસમાં કાર્યાન્વિત કરાવેલ ન હોતાં.

આથી ગુજરાત ગૌણ ખનિજ ધારા, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) (સી) હેઠળ મળેલ સત્તાના આધારે મંજુર/કાર્યવિન્ત કરેલ વિસ્તાર ફરીથી મજુર કરવા માટે તારીખ ૯-૯-૯૬થી ઉપલબ્ધ જાહેર કરવામાં આવેલ છે.

ભુજ-કચ્છ, ૨૫ માહે જુલાઈ સને ૧૯૯૬.

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ૧૯૬૬ :

નં. જી.કે. /ક્યુએલ /૩૦૧૦ /૬૦૧૯.—

શ્રી જાદવજી કરશનભાઈ દવામીયા ને બ્લેક ટેપ ખનિજ માટે દશ વર્ષ સુધી ઉત્ખન્ન પટ્ટો નીચે જણાવેલ વિગતે અત્રેની કચેરીના હુકમ નં. જીકે/ ક્યુએલ /૩૦૧૦ / તા. ૨૫-૬-૮૪થી મંજુર કરવામાં આવેલ.

૧ તાલુકા નખત્રાણા, ગામ રોટણમઢી સ. નં. ૧૭૭/પૈકી,૩-૪૦ હેકટર વિસ્તાર સદરહું ઉત્ખન્ન પટ્ટો તા. ૧૫-૧-૮૫ ના રોજ કાર્યાવિન્ત કરી આપવામાં આવેલ.

(૩) સદરહું લીઝના સરકારી લેણાં ભરપાઈ કરવામાં પટેદાર નિષ્ફળ જતાં .

આથી ગુજરાત ગૌણ ખનિજ ધારા ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) (સી) હેઠળ મળેલ સત્તાના આધારે મંજુર/કાર્યવિન્ત કરેલ વિસ્તાર ફરીથી મજુર કરવા માટે તારીખ ૯-૯-૯૬થી ઉપલબ્ધ જાહેર કરવામાં આવેલ છે.

ભુજ—કચ્છ, ૨૫ માહે જુલાઈ સને ૧૯૯૬.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી) અવાચ્ય,
કલેકટર,
કચ્છ—ભુજ. વતી

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight
from the date of this Publication accompanied
by the Wrapper.

INDEX

REGISTERED No. GRJ.-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] WEDNESDAY, 31st JULY, 1996/SRAVANA 9, 1918 [No. 37

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણ:- મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી, જીલ્લા પંચાયત, રાજકોટના પત્ર ક્રમાંક ખાસ/ઈસીએસએલ/વશી/૬૦૭ તા. ૨૬-૭-૯૬.

જાહેરનામું

નાં. જે- એમએજી- વશી- ૨૬૯૨/૯૬.—રાજકોટ જીલ્લાના મોરબી તાલુકાના બગથળા ગામે કોલેરાના કેસ નોંધાયેલ હોય, બગથળા ગામને કોલેરાગ્રસ્ત તથા મોરબી તાલુક વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા ઉપર વંચાણમાં લીધેલ પત્રથી અત્રેને દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ ઉપર જણાવેલ વિસ્તારોમાં કોલેરાના રોગની વધુ અસર પ્રસારીત ન થાય તે હેતુથી ગુજરાત રાજ્યને લાગુ પાડવામાં આવેલ એપેડેમીક ડીસીઝ એકટ -૧૮૯૭ ના ભ.ગ-૨ની કલમ—૨ ની પેટા કલમ -૩ હેઠળ મળેલ સત્તાની રૂએ હું, ગુરૂપ્રસાદ મહાપાત્ર આઈ. એ. એસ, જીલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જીલ્લા, રાજકોટ આથી રાજકોટ જીલ્લાના મોરબી તાલુકાના બગથળા ગામને કોલેરાગ્રસ્ત અને મોરબી તાલુકા વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે આજથી ત્રણ માસ સુધી જાહેર કરૂં છું.

રાજકોટ જીલ્લાના મોરબી તાલુકાના માલતદારશ્રીને મોરબી નગરપાલિકા વિસ્તાર સિવાયના મોરબી તાલુકાના વિસ્તાર માટે તથા ચીફ ઓફીસરશ્રી, મોરબી નગરપાલિકાને તેમના વિસ્તાર માટે જરૂરી પગલા લેવા કંટ્રોલીંગ ઓફીસર તરીકે હું નિયુકત કરૂં છું.

આજ તા. ૩૦-૭-૯૬ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા હેઠળ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ગુરૂપ્રસાદ મહાપાત્ર,
જીલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ જીલ્લા, રાજકોટ.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight from the date of this Publication accompanied by the Wrapper.

INDEX

REGISTERED No G.RJ.-24

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] MONDAY 5th AUGUST, 1996/SRAVANA 14, 1918 [No. 38

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

નાયબ પોલીસ કમિશ્નર દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના અધિનિયમ નંબર—૨૨ની કલમ ૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ :

હુકમ

નં. એસબી/જાહેરનામું/૩૭(૩) /૨૫૯૩/૧૯૯૬.— ચાલુ માસમાં રાજકોટ શહેરમાં રાજકોટ ચેમ્બર્સ ઓફ કોમર્સ અને ઈન્ડસ્ટ્રીઝ દ્વારા 'રેલ રોકો' આંદોલન કરવામાં આવનાર હોય તેમજ જી.ઈ.બી. પાવર કાપનાં પ્રશ્નોના કારણે સભા સરઘસ, રેલીનું આયોજન અને જલદ કાર્યક્રમો આપવામાં આવનાર હોય તેવા પ્રસંગોએ કાયદો અને વ્યવસ્થા જળવા તેમજ જાહેર સુલેહ શાંતિ ન જોખમાય તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ (૩) નીચે હુકમ કરવો જરૂરી હોવાનું અમોને ઈષ્ટ જણાય છે.

જેથી હું, સંજીવ ભટ્ટ, નાયબ પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર અમોને મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની મુંબઈ અધિનિયમ ૨૨ની કલમ ૩૭(૩) મુજબ મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે તા. ૪-૮-૯૬ના કલાક ૦૦-૦૦ થી ૨૪-૦૦ સુધી પરવાનગી લીધા સિવાય કોઈ સભા ભરવી નહીં કે બોલાવવી નહીં સરઘસ કાઢવું નહી તેમજ ચારથી વધારે માણસોએ ભેગા થવું નહી.

વિસ્તાર :

પોલીસ કમિશ્નર રાજકોટ શહેરની હકુમત તળેનો સમગ્ર વિસ્તાર.

અપવાદ :

આ હુકમ જે માણસો સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડના સભ્યો જે ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર અથવા લગ્ન અંગેના પ્રસંગોએ ને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ સજાને પાત્ર થશે અથવા ભારતીય ફોજદારી અધિનિયમ ૧૯૬૦ના અધિનિયમની કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આથી હું ફરમાવું છું, કે આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જગ્યાઓ તે નકલો ચોંટાડીને તથા સ્થાનિક વર્તમાન પત્રોમાં તથા ગુજરાત રાજ્યના અસાધારણ રાજ્યપત્રમાં જાહેર કરી બહોળી પ્રસિધ્ધિ આપવી.

આજરોજ તા. ૩-૮-૯૬નાં રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી આ હુકમ બહાર પાડવામાં આવે છે.

રાજકોટ, ૩ માહે ઓગષ્ટ સને ૧૯૯૬.

સંજીવ ભટ્ટ,
નાયબ પોલીસ કમિશ્નર,
રાજકોટ શહેર.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight from the date of this Publication accompanied by the Wrapper.

INDEX

REGISTERED No. G.R.J.-24

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] WEDNESDAY, 7th AUGUST, 1996/SRAVANA 17, 1918 [No. 39

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

મુંબઈ પોલીસ અધિનિયમ— ૧૯૫૧ના અધિનિયમ— ૨૨ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ

હુકમ

નાં. એમએજી-બીપીએ-વશી-૨૩૧૮/-૯૬.—રાજકોટ રૂરલ જીલ્લામાં તા. ૪-૮-૯૬ના રોજ રેલ રોકો આંદોલન, જી.ઈ.બીના પાવર પ્રશ્નો અને આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો આવતા હોય, આવા સમયે કાયદો અને વ્યવસ્થા જાળવવાના હેતુસર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં જાહેર સુલેહશાંતિ અને સલામતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવો ન બનવા પામે તે માટે નીચે મુજબ હુકમ બહાર પાડવાનું અમોને ઈસ્ટ જણાય છે.

તેથી હું, એફ. પી. હાલાણી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧નો અધિનિયમ-૨૨ની કલમ ૩૭(૧)થી મને મળેલ અધિકારની રૂએ આ નીચે જણાવેલ વિસ્તારમાં તા. ૩/૮/૯૬થી તારીખ ૧૫/૯/૯૬ સુધી નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, બંદુક, ધોકા, છરી, લાકડી, કે લાઠી શસ્ત્રો, સળગતી મશાલ, અથવા બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું.

(૨) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાની યંત્રો, અથવા સાધનો સાથે લઈ જવા, એકઠા કરવા અથવા તૈયાર કરવાનું.

(૩) મનુષ્યો, અથવા શબો, અથવા આકૃતિઓ, અથવા પુતળા દેખાડવાનું. જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવા ભાષણ કરવાનું તથા હાવભાવ અગર ચેષ્ટા કરવાનું તથા તેવા ચિત્રો, પ્લે કાર્ડો, પત્રિકા, અથવા બીજા કોઈપણ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાનું તથા બનાવવાનું અથવા ફેલાવો કરવાનું..

વિસ્તાર :

(૧) પોલીસ કમિશનરશ્રી, રાજકોટ શહેરી હકુમત સિવાયનો રાજકોટ રૂરલ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

(૨) આ હુકમનો ખંડ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—

સરકારી નોકર કે કામ કરતી વ્યકિત કે જેને તેમના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય.

વૃધ્ધો તથા અશકતો કે જેઓને લાકડીના ટેકે ચાલવાનું હોય.

જીલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તરફથી જેને પરવાનગી આપી હોય તેવી વ્યકિતઓ.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમની જાહેરાત ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં પોલીસ લાઉડ સ્પીકર વાહનો દ્વારા પ્રસારીત કરીને તથા જાહેર દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો અથવા ગુજરાત રાજયમાં અસાધારણ રાજયપત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવાનું ફરમાવું છું.

મેં આજરોજ તા. ૨-૮-૧૯૯૬ના રોજ મારી સહી કરી સિક્કો કર્યો.

રાજકોટ, ૨ માહે ઓગષ્ટ સને ૧૯૯૬.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના મુંબઈ અધિનિયમ-૨૨ની કલમ ૩૭(૩) અન્વયે કાઢેલ

હુકમ

નાં. એમએજીબીપીએ-૩૭(૩)-વશી-૨૩૧૯/૯૬. -ચાલુ માસમાં રાજકોટ રૂરલ જિલ્લામાં સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ અને

ઈન્ડસ્ટ્રીઝ દ્વારા "રેલ રોકો" આંદોલન કરવામાં આવનાર હોઈ તેમજ જી.ઈ.બી. પાવર કાપના પ્રશ્નોના કારણે સભા, સરઘસ, રેલીનું આયોજન અને જલદ કાર્યક્રમો આપવામાં આવનાર હોઈને, તેવા પ્રસંગોએ કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ જાહેર સુલેહશાંતિ ન જોખમાય તે માટે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૩) નીચે હુકમ કરવો જરૂરી હોવાનું અમોને ઈષ્ટ જણાતા,

તેથી મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ની પેટા-કલમ ૩થી મને મળેલ સત્તાની રૂએ હું, એફ. પી. હાલાણી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ જિલ્લા, રાજકોટ, આથી રાજકોટ રૂરલ જીલ્લાના તમામ વિસ્તારોમાં તા. ૩-૮-૯૬થી તા. ૧૭-૮-૯૬ સુધીની મુદત માટે ચાર કરતાં વધુ વ્યકિતઓએ એકત્રીત થવું નહીં અથવા કોઈ સભા ભરવી નહીં કે કોઈ સરઘસ કાઢવું નહીં એવો આદેશ કરું છું.

વધુમાં હું આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં:—

(૧) સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિત કે સંસ્થાને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહ રક્ષક દળની વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં હોય તે વ્યકિતને.

(૫) કોઈ શ્મશાન યાત્રાને.

હું, એવો આદેશ કરું છું કે, આ હુકમ રાજકોટ રૂરલ જિલ્લાનાં તમામ વિસ્તારોમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળોએ તેની નકલ ચોંટાડીને અને સદરહુ વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકરો મારફતે તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ ૧૩૫ની પેટા કલમ અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તા. ૨-૮-૧૯૯૬ના રોજ મારી સહી તથા સિકકા હેઠળ આપ્યો.

રાજકોટ, ૨ માહે ઓગષ્ટ સને ૧૯૯૬.

એફ. પી. હાલાણી,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
રાજકોટ.

Printed at the Government Press, Rajkot
Complaints about Gazette must be made within a fortnight
from the date of this Publication accompanied
by the Wrapper.

INDEX

REGISTERED No. G.RJ.-20

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. XXXVII] FRIDAY, 23rd AUGUST, 1996/BHADRA 1, 1918 [No. 40

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART-I EXTRAORDINARY

પોલીસ કમિશ્નર દ્વારા

જાહેર નોટીસ

ક્રમાંક : રાજ-સીપી-એલબી-(૪)-૧૦૪૦—૯૬.— રાજકોટ, શહેરમાં વધતા જતા ટ્રાફિકના કારણે જાહેર માર્ગોમાં ટ્રાફિકની ગીચતા થાય છે, અને શહેરમાં વધતા જતા ભારે મોટર વાહનોની આવર-જવરથી હાલના રસ્તાઓ ઘણા સાંકડા પડે છે. અને સાંકડા રસ્તા પર પાર્ક થતા ભારે પ્રકારના વાહનોના કારણે રસ્તા પર શેરીઓમાં ટ્રાફિકને અડચણ થાય છે. રહેણાંક વિસ્તારના લતાવાસીઓને અગવડતા અને ત્રાસ થાય છે. નાના મોટા અને ગંભીર પ્રકારના અકસ્માતો થાય છે. ભારે પ્રકારના વાહનોના ઓર હોર્નથી અવાજનું પ્રદુષણ સર્જાય છે. અને આ વાહનોમાં વધુ પડતા ધુમાડાને કારણે હવાનું પણ પ્રદુષણ સર્જાય છે. એ રીતે જાહેર જનતાની સુખાકારી અને સલામતી જોખમાય છે.

જેથી શહેરમાં ઉભી થયેલ ઉપરોકત ટ્રાફિકની સમસ્યાઓને નિયંત્રણમાં રાખવાનાં હેતુસર રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના આંશતઃ વિસ્તારમા ભારે પ્રકારના મોટર વાહનો જેવા કે ટ્રક, ટેંકર, લકઝરી બસ, મીનીબસ, મેટાડોરના પ્રવેશ પર પ્રતિબંધ મુકવાનુ હિતાવહ જણાય છે.

આથી હું, ચિતરંજન સિંઘ (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, મને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(૧) (ખ) હેઠળ મળેલ સત્તાની રૂએ નીચે પ્રમાણેનો પ્રતિબંધ ફરમાવવા માંગુ છું.

રાજકોટ, મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં ભારે મોટર, વાહનો ટ્રક, ટેંકર, લકઝરી બસ, મીનીબસ, મેટાડોર પર પ્રવેશનો પ્રતિબંધ જે સવારના કલાક ૬-૦૦ થી બપોરના કલાક ૧૪—૦૦ તથા સાંજના કલાક ૧૭--૦૦ થી રાત્રીના કલાક ૨૨—૦૦ સુધી અમલમાં રહેશે.

નીચે જણાવ્યા મુજબના વાહનોને આ પ્રતિબંધ લાગુ પડશે નહી :—

(૧) રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ વાહનો.

(૨) એસ.ટી. કોર્પોરેશનના તમામ વાહનો.

(૩) તમામ સરકારી વાહનો.

(૪) હોસ્પીટલો સાથે સંકળાયેલ તમામ વાહનો.

(૫) પબ્લીકની સુખાકારી અને સરકારી એજન્સી મારફત ચલાવવામાં આવતા તમામ વાહનો.

(૬) જીલ્લા પંચાયત તથા બેન્ક હસ્તકના ફરજ પરના વાહનો તથા સ્કુલ બસ.

ભારે વાહનોને શહેરમાં પ્રવેશ આંગેના રસ્તા :—

(૧) કાલાવડ રોડ : પર જી. ટી. શેઠ વિદ્યાલય પાસેથી પ્રતિબંધિત સમય દરમ્યાન શહેરમાં પ્રવેશી શકાશે નહી.

(૨) જામનગર રોડ : જામનગરથી આવતા અને મોરબી, અમદાવાદ, ભાવનગર, ગોંડલ તરફ જવા માંગતા ભારે વાહનો જકાત નાકા થઈને જામટાવર થઈને હોસ્પીટલ ચોક થઈને કેસરી હિન્દ પુલ થઈને ઢેબર ટોકીઝ થઈને કુવાડવા રોડ થઈને ગ્રીન લેન્ડ ચોકડી થઈને ચારેય રસ્તા પર જઈ શકાશે અને તેવી જ રીતે ગોંડલ, ભાવનગર, અમદાવાદ, મોરબી તરફથી આવતા અને જામનગર જવા માંગતા વાહનો ગ્રીનલેન્ડ ચોકથી કુવાડવા રોડ હોસ્પીટલ ચોક થઈ જામનગર તરફ જઈ શકશે.

(૩) યુનિવર્સિટી રોડ : પર ઈન્દિરા ગાંધીના બાવલા પાસેના સર્કલથી શહેરમાં પ્રવેશવા પર પ્રતિબંધ રહેશે.

(૪) રૈયા રોડ : પર સુચિત બાય-પાસ ચોકડીથી શહેરમાં પ્રવેશવા પર પ્રતિબંધ રહેશે.

ઉપરોકત રસ્તાઓ સિવાય શહેરમાં પ્રવેશવાના અન્ય રસ્તાઓ, શેરીઓ, ખુલ્લા મેદાનો પરથી ભારે વાહનો શહેરમાં પ્રવેશી શકશે નહી.

પ્રતિબંધીત સમય દરમ્યાન શહેરમાં પ્રવેશવા માંગતા વાહનોએ કાલાવડ રોડ પર જી. ટી. શેઠ વિદ્યાલય પાસે મુનિ-વર્સીટી રોડ પર ઈન્દિરા ગાંધીના બાવલા પાસેના સર્કલ રૈયા રોડ પર સુચિત બાય-પાસ ચોકડી પાસે જામનગર રોડ પર જકાત નાકાએ મોરબી રોડ પર જકાત નાકાએ અમદાવાદ રોડ પર જકાત નાકાએ ભાવનગર રોડ પર જકાત નાકાએ ગોંડલ રોડ પર જકાત નાકાએ પ્રતિબંધીત સમય દરમ્યાન વાહનો પાર્ક કરવાના રહેશે.

